સુવિચાર
હું સાચો પડું, એના કરતાં હું સારો બનું એ લક્ષ્ય આપણા સર્વાંગી વિકાસ માટે વધુ લાભદાયી નીવડે તેમ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૮/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૦૬



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## પાંચ દિવસ સુધી ''મેરી મિટ્ટી મેરા દેશ'', હર ઘર તિરંગા, તિરંગા રેલી સહિતનાં કાર્યક્રમો

# અમરેલીમાં પાલિકા દ્વારા આજથી દેશભક્તિનાં કાર્યક્રમો

### હર ઘર તિરંગા ફરકાવવા માટે પાલિકા કચેરી ખાતેથી તિરંગાની વહેંચણી શરૂ થઈ

### સોમવારે સીટી પોલીસ સ્ટેશન મેદાનમાંથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે

### ૧૫ ઓગષ્ટનાં રોજ પાલિકા પ્રમુખ મનિષાબેન રામાણીનાં વરદ્હસ્તે પાલિકા કચેરી ખાતે ધ્વજવંદન કરાશે

### ૧૭ ઓગષ્ટે કામનાથ સરોવર ખાતે સ્વાતંત્ર્ય સેનાની, પોલીસ કર્મીઓનું સન્માન કરવામાં આવશે

અમરેલી, તા. ૧૨

સમગ્ર ભારત દેશમાં દેશની આઝાદીનાં અમૃત મહોત્સવનાં રાષ્ટ્રવ્યાપી અભિયાનના ભાગરૂપે અમરેલી નગરપાલિકા ધ્વારા ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં "મેરી મિટ્ટી મેરા દેશ", "હર ઘર તિરંગા" શહેરમાં મહારેલી સહિતનાં કાર્યક્રમો યોજાશે. જેમાં તમામ નગરજનોએ ઉપસ્થિત રહેવા આહવાન કરવામાં આવે છે.

ભારતના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારત સરકાર અને ગુજરાત સરકાર ધ્વારા રાષ્ટ્રભકિત અને દેશનાં જવાનોની શહાદત, કપરી ફરજને ઉજાગર કરવા આઝાદીના અમૃત મહોત્સવના અભિયાન અંતર્ગત તા. ૧૩ ઓગષ્ટથી ૧૭મી ઓગષ્ટ સુધી મેરી મિટ્ટી મેરા દેશ, હર ઘર તિરંગા, તિરંગા રેલી, ૧૫ મી ઓગષ્ટની શાનદાર ઉજવણી સહિતના કાર્યક્રમો યોજાશે. ૧૩મી ઓગષ્ટથી ૧૫ મી ઓગષ્ટ સુધી હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત તમામ નગરજનોએ પોતાના નિવાસ સ્થાને તેમજ ધંધા રોજગાર સ્થળ ઉપર તિરંગા ફરકાવવા શહેરીજનો માટે નગરપાલિકા અમરેલી કચેરી ખાતેથી તિરંગાની વહેંચણી કરવામાં આવશે. રાષ્ટ્રભકિતને ઉજાગર કરવા અમરેલી શહેરમાં ૧૪મી ઓગષ્ટનાં રોજ સવારે ૯ કલાકે સિટી પોલીસ સ્ટેશન ગ્રાઉન્ડથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન થશે જે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરશે. ૧૫મી ઓગષ્ટનાં દિવસે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી મનિષાબેન રામાણીનાં વરદ હસ્તે સવારે દશ કલાકે નગરપાલિકા કચેરી ખાતે ધ્વજવંદન કરવામાં આવશે.

૧૭મી ઓગષ્ટનાં દિવસે સવારનાં ૯–૩૦ કલાકે શહેરનાં કામનાથ સરોવર ખાતે સવતંત્ર્ય સેનાની, દેશની સુરક્ષા સેવા અર્થે જોડાયેલા જવાનો, પોલીસ કર્મીઓ અને તેના પરિવારજનોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર



### પોલીસ બેડામાં ચકચાર જગાવતી ઘટના

# જુનાગઢમાં ગીર સોમનાથનાં મહિલા સુરક્ષા વિભાગનાં પીએસઆઈ જુગાર રમતા ઝડપાયા

### પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ કર્યા સસ્પેન્ડ

ઉના, તા. ૧૨

ગીર સોમનાથ જિલ્લાનાં મહિલા સુરક્ષા વિભાગનાં પીએસઆઈને જિલ્લા પોલીસ વડા ધ્વારા સસ્પેન્ડ કરવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. જેમાં પીએસઆઈનાં કાળા કારનામાઓ સામે આવ્યા છે. જુનાગઢ એલસીબીની ટીમે જુગાર રમતા રંગેહાથ પીએસઆઈને ઝડપી પાડતા સમગ્ર મામલો ગીર સોમનાથ પોલીસ વડા સુધી પહોંચ્યો હતો. જે મામલે પોલીસ વડા ધ્વારા તાત્કાલિક અસરથી પીએસઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ આગામી સમય પોલીસ વિભાગ આ પ્રકારનું કોઈ કૃત્ય અજાણતા પણ ન કરે તે માટે શિક્ષાત્મક પગલા લેવાની વાત કરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર ગીર સોમનાથના મહિલા સુરક્ષા વિભાગમાં ફરજ બજાવતા પીએસઆઈ સરોજ વાવૈયા થોડા દિવસ પહેલા રજા લઈને પોતાના વતન પાદરિયા ગામે ગયા હતા. પદરિયા ગામમાં છેલ્લા ઘણા સમયથી જુગારધામ ચાલી રહ્યું હતું અને સરકારી અધિકારી છે સારો પગાર મળવા છતાં

અનુસંધાન પાના ૬ ઉપર


ડૉ. વિવેક જોષી M.B.D.P.M. FIPS.MIAPP
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

ખુબ ખુબ અભિનંદન
ચિ. ભાર્ગવ જે. સેંજલીયા
અમરેલી વકીલ મંડળના સદસ્ય અને અમારા મિત્ર એવા એડવોકેટ અને નોટરી શ્રી જીતેન્દ્રભાઈ કે. સેંજલીયા ના સુપુત્ર ચિ. ભાર્ગવ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશગમન કરતા હોય તે બદલ ખુબ ખુબ અભિનંદન.
: શુભેચ્છક :
શ્રી શૈલેષભાઈ બી. પોપટ (એડવોકેટ-નોટરી)
વિમલભાઈ પી. પોપટ (એડવોકેટ)
: અમરેલી :

શું તમને સાંભળવાની તકલીફ છે ?
શું તમને વાત સમજવામાં તકલીફ છે ?
શું તમારા કાનમાં તમરા બોલે છે ?
કાનની નસ સુકાઈ ગઈ છે ?
શું તમારે કાનના મશીનની જરૂરીયાત છે ?
તો નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કાનની તપાસ કરાવો
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, જ્યુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

સાંભળવામાં તકલીફ વાત સમજવામાં તકલીફ
કાનમાં તમરા બોલવા કાનની નસ સુકાય તો...
હવે, કાનની બહેરાશ માટેનું નિદાન સચોટ અને વ્યાજબી કિંમતમાં
- કાનની બહેરાશની તપાસ
- નાના બાળકોમાં કાનની તકલીફની તપાસ
- આધુનિક કાનના મશીનો વ્યાજબી કિંમતમાં
- અદ્યતન કમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપી
- કવોલીફાઈડ ઓડિયોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન
શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક
બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.





ઓડિયો હાઉસ (હિંગુ બ્રધર્સ) 'પારેખ ચેમ્બર', ડો. જીવરાજ મહેતા ચોક, મો. ૯૦૩૩૩૦૫૨૬૩/૯૫૩૭૯૭૯૧૦૧

### ડો. વિજય વાળાનાં નેતૃત્વમાં મેડિકલ ટીમે જહેમત ઉઠાવી

# અમરેલીની શાંતાબા મેડિકલ એનિમલ હોસ્પિટલમાં સર્પદંશનાં દર્દીનો આબાદ બચાવ

### ટ્રસ્ટનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં માર્ગદર્શન હેઠળ શ્રેષ્ઠ સારવાર



અમરેલી, તા. ૧૨

રાજસ્થળી ગામનાં દર્દી પિનલબેન મનુભાઈ કારેલીયા(ઉ.વ. ૨૦) જેઓને તારીખ ૨૯/૭/૨૦૨૩ વહેલી સવારે સર્પદંશ(કાળોતરોનાગ) કરડતા બેભાન અવસ્થામાં આશરે સવારે ૭:૪૫ વાગ્યે શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે ઈમરજન્સી વિભાગમાં સારવાર અર્થે લાવવામાં આવેલ. દર્દીને સર્પદંશનાં ઝેરની અસર ખૂબ જ વધારે હોવાથી તરતજ ઓન ડયુટી મેડિકલ ઓફિસરે દર્દીની ગંભીર પરિસ્થિતિની ડો. વિજય વાળાને જાણ કરેલ તરતજ તેમને શ્વાસની નળી નાખીને વેન્ટીલેટર પર મુકવામાં આવેલ. સારવારનાં પ્રથમ ત્રણ દિવસ દર્દી કોમામાં રહેલ. ત્રણ દિવસ પછી દર્દી ભાનમાં આવેલ.

આમ સાત દિવસ દર્દીને આઈ.સી.યુ.માં વેન્ટીલેટર પર રાખવામાં આવ્યું બાદમાં દર્દી સંપૂર્ણ સ્વસ્થ થઈ જતાં તેમને ઘરે તા. ૮/૮/૨૦૨૩નાં રોજ ડીસ્ચાર્જ કરવામાં આવેલ. સેવાન્વીત કાર્ય બદલ દર્દીનાં માતા, પિતાએ ડો. વિજય વાળા તથા તેમની સંપૂર્ણ ટીમ તથા શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીનાં પ્રણેતા ચેરમેન વસંતભાઈ ગજેરા, ડીરેકટર એકતાબેન ગજેરા અને ગજેરા પરિવાર એવમ ડોકટર્સ અને જનરલ હોસ્પિટલનાં સ્ટાફનો સહૃદયસ્થ આભાર વ્યકત કરાયો.

### નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં

# અમરેલીનાં મોટા આંકડીયા ખાતે ''મારી માટી મારો દેશ'' માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ સંપન્ન

### વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી



અમરેલી, તા. ૧૨

આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી ''મારી માટી મારો દેશ'' ''માટીને નમન વીરોને વંદન'' કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે. અમરેલીનાં મોટા આંકડીયા ગામે જનતા વિદ્યાલયનાં પટાંગણમાં વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં 'મારી માટી, મારો દેશ' 'માટીને નમન, વીરોને વંદન' કાર્યક્રમ યોજાયો હતો. શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સૌ ગ્રામજનો સહિતનાઓએ રાષ્ટ્રધ્વજને સલામી આપીને હાથમાં માટી લઈને પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમ પ્રસંગે વસુધા વંદન અંતર્ગત ૭૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. દેશનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં આહવાનથી રાષ્ટ્રવ્યાપી આ મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતનાં ગામડાઓનાં નાગરિકો જોડાઈ રહ્યાં છે અને વધુ લોકો જોડાશે. વિવિધ વિસ્તારોમાં અંદાજે ૧૦ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક છે. દેશનાં ૨.૫ લાખથી વધુ ગામોની માટી દિલ્હી ખાતે લઈ જઈને વીર–વીરાંગનાઓનાં સન્માનમાં અને વંદન અર્થે ભવ્ય અને દિવ્ય અમૃત વાટિકાનું નિર્માણ કરવામાં આવશે. આવો સૌ સાથે મળીને વીર–વીરાંગનાઓનાં સન્માનમાં હાથમાં દીવો લઈ અથવા વૃક્ષારોપણ કરી કે પછી માટી હાથમાં લઈને પોતાની સેલ્ફી કિલક કરી http://merimaatimeradesh.gov.in/step વેબસાઈટ પર અપલોડ કરીને આ કાર્યક્રમમાં સહભાગી બનીએ.

### ''મારી માટી મારો દેશ'', ''માટીને નમન, વીરોને વંદન''

# લાઠીનાં પીપળવા ગામે 'મારી માટી, મારો દેશ' 'માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ યોજાયો

### શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું



અમરેલી, તા. ૧૨

આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી ''મારી માટી મારો દેશ'', ''માટીને નમન વીરોને વંદન કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે.

લાઠીનાં પીપળવા ગામે '' મારી માટી, મારો દેશ'', 'માટીને નમન, વીરોને વંદન' કાર્યક્રમ યોજાયો હતો. શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ અને સૌ ગ્રામજનો સહિતનાઓએ રાષ્ટ્રધ્વજને સલામી આપીને હાથમાં માટી લઈને પંચપ્રાણ પ્રતિજ્ઞા લીધી હતી. દેશનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આહવાનથી રાષ્ટ્રવ્યાપી આ મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાતનાં ગામડાઓનાં નાગરિકો જોડાય છે અને વધુ લોકો જોડાશે. વિવિધ વિસ્તારોમાં અંદાજે ૧૦ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક છે. દેશનાં ૨.૫ લાખથી વધુ ગામોની માટી દિલ્હી ખાતે લઈ જઈને વીર–વીરાંગનાઓના સન્માનમાં અને વંદન અર્થે ભવ્ય અને દિવ્ય અમૃત વાટિકાનું નિર્માણ કરવામાં આવશે. આવો સૌ સાથે મળીને વીર–વીરાંગનાઓનાં સન્માનમાં હાથમાં દીવો લઈ અથવા વૃક્ષારોપણ કરી કે પછી માટી હાથમાં લઈને પોતાની સેલ્ફી કિલક કરી http://merimaatimeradesh.gov.in.step વેબસાઈટ પર અપલોડ કરીને આ કાર્યક્રમમાં સહભાગી બનીએ.

# અમરેલી ખાતે ગ્રામિણ ડાક સેવકોનાં ધરણા યોજાયા




અમરેલી, તા. ૧૨

અમરેલી ખાતે ગ્રામિણ વિસ્તારમાં ટપાલનું વિતરણ કરતાં કર્મચારીઓએ વિવિધ માંગોને લઈને ઘરણા પ્રદર્શન કાર્યક્રમો કર્યા હતા.

# જાફરાબાદ ખાતે પોલીસ દ્વારા તિરંગા યાત્રા રેલી યોજાઈ



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ તા. ૧૨/૮/૨૩ નાં રોજ ટાઉન પોલીસ સ્ટેશન પીઆઈ દેસાઈની સાથે મરીને પોલીસ સ્ટેશન પીઆઈ જે.એમ. કૈલાશની સાથે નાગેશ્રી પીઆઈ પ્લાઝ તેમજ જાફરાબાદ તમામ નિશાળનાં બાળકો તેમજ વેપારી ભાઈઓ, હોમગાર્ડ જવાનો, એલઆરડી જવાનો, પોલીસ જવાનો સમાજનાં નાના–મોટા આગેવાનો આવતા દિવસોમાં ૧૫મી ઓગસ્ટ હોવાથી ટાઉન પોલીસ સ્ટેશનથી તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. જે ટાવર ચોક, મેઈન બજાર, બંદર ચોક, કામનાથ મંદિર, બકાલા માર્કેટ થઈને પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વંદે માતરમ્‌નાં નારા સાથે આખું શહેર ગુંજી ઉઠયું હતું. આ તિરંગા યાત્રા મોટી સંખ્યામાં બાળકો, નાના ભૂલકાઓ, વડીલો સાથે પોલીસ જવાનો હાજર રહ્યાં હતાં.

### માનવ વસાહતમાં રાનીપશુઓથી ફફડાટ

# ગીરગઢડાનાં મોતીસર ગામે દીપડાએ બે શ્વાન અને એક યુવક પર કર્યો હુમલો

### દીપડાએ હુમલો કરતાં બે શ્વાન અને બચાવવા જનાર યુવક સહિતનાઓનો થયો બચાવ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૨

ગીરગઢડા તાલુકાનાં મોતીસર ગામે સવારનાં ૮:૩૦ વાગ્યે અર્હમ ગૌ શાળા પાસે શિકારની શોધમાં દીપડો આવેલ હોય ત્યારે બાજુનાં ભાગે આવેલ રહેણાંકીય ઘર પાસે દીપડા દ્વારા ઘરમાં પાળેલા બે શ્વાન ઉપર હુમલો કરતા સ્થળ ઉપર હાજર રહેલા યુવકે શ્વાનને બચાવવા જતાં દીપડાએ યુવક ઉપર હુમલો કરી અને દીપડાએ બંને શ્વાન અને યુવકને ઈજા પહોંચાડી નાસી છૂટયો હતો. ત્યારે દીપડનાં હુમલા અંગેની જાણ યુવકનાં પરિવારને થતાં યુવકને સારવાર અર્થે ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ગીરગઢડા તાલુકાનાં મોતીસર ગામે રહેતા વિશાલ અગ્રવાત નામના યુવકનું ઘર અર્હમ ગૌ શાળા પાસે આવેલ હોય ત્યારે શિકારની શોધમાં આવેલ દીપડો ગૌ શાળા પાસેનાં રહેણાંકીય ડેલામાં ઘૂસી બે શ્વાન પર હુમલો કરતાં વિશાલ અગ્રાવત શ્વાનને બચાવવા જતા દીપડાએ યુવક પર હુમલો કરતાં યુવકને ડાબા ખભા, સાથળ અને પીઠનાં ભાગે ઈજા પહોંચાડેલ હોય. આ અંગેની તુલસીશ્યામ રેન્જનાં ખાંભાની કોઠારીયા રાઉન્ડનાં આર.એફ.ઓ. રાજલ પાઠકને જાણ કરાતા ભાવિન સોલંકી સહિતનો સ્ટાફ દોડી આવેલ હતો અને દીપડાને પાંજરે પુરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્યારે દિવસે દિવસે આ જંગલ વિસ્તારની આજુબાજુનાં ગામડાઓમાં દિપડાના માનવ જાત ઉપર હુમલાનાં બનાવો વધી રહ્યાં છે. દિપડાના દિવસ દરમિયાન વધી રહેલા હુમલાઓથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે આવા માનવભક્ષી દિપડાને વન વિભાગ દ્વારા વહેલી તકે પાંજરે પુરવામાં આવે તેવી ગામ લોકો દ્વારા માંગ ઉઠવા પામી છે.

### વર્લ્ડ બ્રેસ્ટ ફીડીંગ વીક નિમિત્તે

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

### માતાઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું



અમરેલી, તા. ૧૨

અમરેલી who અને UNICEF ના જણાવ્યા મુજબ બાળકનાં જન્મની પહેલા કલાકથી બાળક ૬ મહિનાનું થાય ત્યાં સુધી બાળકને માતાનાં દુધ સિવાય કોઈ પણ વસ્તુ આપવી જોઈએ નહી એન તાજા જન્મેલ બાળકનાં સ્વાસ્થય પ્રત્યે જાગૃતિ કેળવાઈ તે હેતુસર સમગ્ર વિશ્વમાં ૧ ઓગષ્ટ થી ૭ ઓગષ્ટ દરમ્યાન ' World Brest Feeding Week ની ઉજવણી કરવામાં આવે છે.

જે નિમિતે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ધાત્રી માતાઓને બેસ્ટ ફીડીંગની યોગ્ય પધ્ધતિ શીખવવામાં આવેલ હતી. જેથી બાળકને સરખું ધાવણ મળે અને બાળકનો યોગ્ય વિકાસ થઈ શકે તે બાબતે વિવિધ પોસ્ટર પ્રઝેન્ટેશન અને બેસ્ટ ફીડીંગનું મહત્વ સમજાવતા મોટીવેશન વ્યકતવ્યનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં માતાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. અને શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા તેમને સુખડીનું વિતરણ કરી સારા સ્વાસ્થ્ય માટે શુભકામનાં પાઠવવામાં આવી હતી.

શાંતાબા મેડીકલ કોલેજ ખાતે કમ્યુનિટી મેડિસિન ડીપાર્ટમેન્ટનાં ડો. મિત ચૌહાણનાં જણાવ્યા મુજબ MBBS ના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર આઠવાડિયા દરમ્યાન અમૃતનગર આંગણવાડી, રોકડીયાપરા આંગણવાડી, તથા બહારપરા અર્બન સેન્ટર ખાતે અને હોસ્પિટલનાં એએનસી તથા પીએનસી વોર્ડમાં અંદાજીત ૧૦૦ જેટલી માતાઓને રૂબરૂ મુલાકાત અને સમય આપી બ્રેસ્ટ ફીડીંગ અંગે યોગ્ય માર્ગદર્શન અને મોટીવેશન મળી રહે તેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### મા મોગલ માનવ સેવા ગૃપ દ્વારા

# ચલાલાની પાવનભૂમિ ખાતે સમૂહલગ્નોત્સવ યોજાશે

ચલાલા, તા. ૧૨

ચલાલા શ્રી દાનમહારાજ ની પાવનભૂમિ ચલાલાને આંગણે મા મોગલ માનવ સેવા ગૃપ દ્વારા પ્રથમ સમૂહ લગ્ન આયોજન ટુંક સમયમાં થનાર છે. દાતાઓનાં સહયોગથી દરેક દિકરીઓને ઘર ઉપયોગી વસ્તુઓ, કરીયાવરમાં વધુને વધુ મળે એજ હેતુથી આ સમુહલગ્ન આયોજન થયેલ છે. આ સમુહલગ્નમાં જોડાવા માટે દિકરાની ઉંમર ૨૧ વર્ષ પુરા અને દીકરીની ઉંમર ૧૮ વર્ષ પુરા હોય એજ વાલીઓએ સંપર્ક કરવો ફોમ ભરવા માટે દિકરા–દિકરીનાં જન્મ તારીખ, દાખલા, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ અને વર–કન્યાના બે–બે ફોટાઓ લઈને ચલાલા રૂબરૂ ફોર્મ ભરવા માટે વર–કન્યા અને તેના વાલીઓએ સાથે આવવાનું રહેશે. આ સમુહ લગ્નમાં ખુબ મર્યાદિત સંખ્યા લેવાની હોય વહેલા તે પહેલાનાં ધોરણે ફોર્મ ભરવાનું કામ શરૂ કરેલ છે. વધુ વિગત માટે માં મોગલ સેવા ગૃપ મો. ૯૪૦૮૨ ૭૮૮૫૩ તથા મો. ૮૫૧૧૦ ૬૯૮૬૫ ઉપર સંપર્ક કરવા વિનંતી. ચલાલાનાં પત્રકાર પ્રકાશભાઈ કારીયા–વિપુલભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

### પીઆઈ આર.ડી. ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ

# બાબરા પોલીસ સ્ટેશન દ્વારા તિરંગા યાત્રાનું આયોજન થયું

### પોલીસ સ્ટાફ, ટી.આર.બી., હોમગાર્ડ જવાનો જોડાયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાં પોલીસ સ્ટેશન દ્વારા તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન પી.આઈ. આર.ડી. ચૌધરીનાં અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં પી.એસ. આઈ. એ. એમ. રાધનપરા, પોલીસ કર્મચારી હોમગાર્ડ સભ્યો, જી.આર.ડી. સભ્યો તેમજ ટી.આર.બી. સભ્યોએ ભાગ લીધેલ તેમજ તિરંગા યાત્રા બાબરા પોલીસ સ્ટેશન ખાતેથી મોટું બસ સ્ટેન્ડ તેમજ ત્યાંથી તાલુકા પંચાયત કચેરી બાબરા ખાતે વીરોને શહીદી આપેલ તકતી ખાતે ફૂલહારનું આયોજન કરવામાં આવેલ.

તેમજ યાત્રા પરત બસ સ્ટેન્ડ ખાતેથી બુધવારે પુલ પાસેથી કરિયાણા ચોકડીથી બાબરા પોલીસ સ્ટેશન ખાતે પૂર્ણ કરવામાં આવેલ.

# એક વખત એવું બન્યું (ફટાકડા લાયસન્સે મને દઝાડયો)

**ભાગ-૩૦**

**(વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૯ દરમિયાન કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

ખંભાળિયાથી મારી બદલી માટે નિમિત્ત બનનાર ઘટના હતી ફટાકડાની બાબત. વર્ષ ૨૦૧૭ માં હું હાજર થયો એ ધનતેરસનો દિવસ હતો. એટલે મેં વેપારીઓને નુકસાન ન થાય એ માટે હકારાત્મક અભિગમ અપનાવી અને મારા જોખમ ઉપર ફટાકડાના લાયસન્સ રીન્યૂ કરી આપેલ. પરંતુ આ વખતે મારી પાસે પૂરતો સમય હતો. માર્ચ – એપ્રિલ મહિનામાં મારી પાસે રીન્યૂ માટે ફટાકડા લાયસન્સ ધારકોની અરજી આવતા મેં એક ચેકલિસ્ટ બનાવ્યું. એકસ્પ્લોઝિવ એકટ અને રૂલ્સની જોગવાઈઓના આધારે બનાવેલા આ ચેકલિસ્ટ ભરવા અને સ્થળ તપાસ કરવા મેં મારા રેવન્યૂ તલાટીઓ અને નાયબ મામલતદારોની અલગ અલગ ટીમ બનાવી તેમને અલગ અલગ દુકાનો ફાળવી દીધી.

કાયમી ફટાકડા લાયસન્સ ધારકોની કુલ સંખ્યા લગભગ ૩૩ જેવી હતી. તપાસણી બાદ જયારે અલગ અલગ ૩૩ અહેવાલો અને ભરેલા ચેકલિસ્ટ સ્થળ સ્થિતિના ફોટોગ્રાફસ સાથે મારા ટેબલ પર આવ્યા ત્યારે ૩૩ માંથી એક પણ વ્યકિતને કાયમી ફટાકડા પરવાનો આપી શકાય તેવી પરિસ્થિતિ જણાઈ નહીં, મોટાભાગના પરવાનેદારોની દુકાનો ખૂબ જ ગીચ વિસ્તારમાં આવેલી હતી કે જયાં રીક્ષા પણ ન જઈ શકે. મોટાભાગના ફટાકડાના વેપારીઓ ફટાકડાની સાથેસાથે જીન્સવેર, સાડી, ફર્નિચર, સ્ટેશનરી, રેડીમેડ કાપડ વગેરે જેવા વેપાર કરી રહ્યા હતા. એકસ્પ્લોઝિવ રૂલ્સ મુજબ જે સ્થળ પર ફટાકડા રાખેલ હોય ત્યાં અન્ય કોઈ વેપાર ન થઈ શકે, જવલનશીલ પદાર્થો પણ ત્યાં રાખી શકાય નહીં તેવી સ્પષ્ટ સૂચના છે. વધુમાં મોટાભાગની દુકાનોમાં ફાયર એકસ્ટીંગ્યુઝર બંધ હાલતમાં હતા. આવા ઘણાં બધાં ગંભીર ઈસ્યૂ હતા.

મેં તેમના લાઈસન્સ રીન્યુ ન કરીને પ્રજાહિતમાં રદ કરવા પ્રાંત અધિકારીશ્રીને અહેવાલ કરી આપ્યો. તરત જ વેપારીઓ દ્વારા મને તમામ પ્રકારે ભલામણો રાજકીય પ્રેસર કરવામાં આવ્યું. તેમણે કેટલાક લોકોને અને વકીલોને મારી પાસે મોકલ્યા. સાહેબ ગમે તેમ કરીને ગોઠવી આપો. પરંતુ એમને ખ્યાલ ન હતો તે આ સાહેબ ગોઠવે તેવા નહીં પરંતુ ગોઠવણ વીખી નાખે તેવા હતા. જયાં વાત સામાન્ય પ્રજાના હિતની આવે, જયાં વાત કાયદો અને વ્યવસ્થાની આવે, જયાં વાત લોકોના જાન માલ અને મિલકતની આવે ત્યાં કોઈ પ્રકારની ગોઠવણ શકય જ નથી અને કરાય પણ નહીં. ઘણી બધી મથામણો બાદ તેઓ સમજી ગયા કે મામલતદાર સાહેબ કોઈપણ સંજોગોમાં લાઈસન્સ આપશે નહિ અને આપણને ખૂબ મોટું નુકસાન જશે.

આટલું વિચારીને તેઓ એ વિસ્તારના એક ખૂબ મોટા ગજાના નેતા પાસે ગયા. એમને મારા વિશે ઘણી બધી નેગેટિવ વાતો મજગમાં ભરી. આ મોટા ગજાના નેતાશ્રીએ કલેકટર સાહેબશ્રીની હાજરીમાં મને બોલાવ્યો. મને કહ્યું કે મારે આ તમામના લાયસન્સ કોઈપણ સંજોગોમાં રીન્યુ જોશે. એ દિવસે મને



જાગતે રહો...

ડો. ચિંતન વૈષ્ણવ

મો. ૮૯૮૦૦ ૩૫૦૩૪

તાવ, શરદી, ઉધરસ હતા. હું માનસિક અને શારીરિક સ્વસ્થ ન હતો. પરંતુ મેં કયારેય ખોટી રજાઓ પાડી નથી. આમ પણ મને સતત કામ કર્યા કરવું ગમે એટલે હું મારા કામ પર હાજર હતો. આવી પરિસ્થિતિ હોવા છતા હું તેમને મળવા ગયો. પરંતુ ખાસ ચર્ચા ન કરી શકયો. બસ એમને મેં એટલું કહ્યું કે આપના માન ખાતર હું ચોક્કસ કોઈ રસ્તો કાઢી આપીશ અને વેપારીઓને નાણાકીય નુકસાન નહીં જવા દઉં. ખંભાળિયાના લોકોની અને વેપારીઓની દિવાળી નહિ બગડવા દઉં. મારા પર ભરોસો રાખો એવું મેં કહ્યું.

મેં તેમને એક રસ્તો કાઢી બતાવ્યો. મેં કહ્યું કે આ તમામ વેપારીઓને ગીચ વિસ્તારમાં દુકાનો આવેલી હોઈ, કાયમી પરવાનો હાલ આપી શકાય નહીં. આપણે ખંભાળિયાની બહાર આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં કે જયાં આજુબાજુમાં કોઈ માનવવસ્તી નથી કે બજાર નથી ત્યાં ફટાકડા બજાર બનાવીએ. ત્યાં ૫૦ જેટલા સ્ટોલ હું ઊભા કરાવી દઉં. તમામ ફટાકડા વેપારીઓને દિવાળીના દિવસો માટે હંગામી પરવાના ઈસ્યૂ કરી આપું. જેથી તેમણે મંગાવેલો માલ વેચાઈ જાય અને તેમને નાણાકીય નુકસાન ન જાય. ખંભાળિયામાં આ જગ્યા સિવાય અન્ય કોઈપણ જગ્યાએ ફટાકડા મળે નહિ. જેથી અકસ્માતના પ્રશ્નો બને નહિ અને સાથે સાથે આ ફટાકડા બજારની બાજુમાં નગરપાલિકાનું ફાયર ફાયટર મૂકી દઈએ જેથી કદાચ અકસ્માત સર્જાય તો તેના પર કાબૂ મેળવી શકાય. આ ફટાકડા બજારનું ઉદ્ઘાટન આપના જ હસ્તે કરીએ એવું ગોઠવીએ. આવું એટલા માટે જરૂરી છે કે ફટાકડાની અંદર રહેલો દારૂ આપણી કલ્પનાથી પણ મોટો અકસ્માત સર્જી શકે છે. અધિકારી તરીકે મારે અગમચેતી વાપરવી ખૂબ જરૂરી છે.

જી.પી.એસ.સી.ની પરીક્ષામાં ગુજરાતીના પેપરમાં 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય' એવી કહેવતનો અર્થ એટલા માટે જ પૂછવામાં આવે છે કે અધિકારીએ પણ આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસવું જોઈએ અને એડવાન્સ વિચારવું જોઈએ. અત્યારે ઘણી જગ્યાએ વગર લાઈસન્સે ફટાકડાઓ વેચાતા હોય છે. વેપારીઓના ફાયદાને કારણે અને કેટલાક અધિકારીઓને દિવાળીમાં મળતા મફત ફટાકડાઓના પરીણામો કેટલાક નિર્દોષ નાગરિકોને ભોગવવાના આવે છે. મારી આ વાત કલેકટર સાહેબને અને આગેવાનશ્રીને ગળે ઉતરી હોય એવું મને લાગ્યું. એમણે કહ્યું કે હું વેપારીઓ સાથે આ બાબતે વાત કરીશ. તેમણે વેપારીઓ સાથે આ બાબતે વાત કરતા તેમણે વર્ષોથી જે જગ્યાએ પરવાના મળે છે ત્યાં જ પરવાનો મેળવવાનો આગ્રહ રાખ્યો. આથી કલેકટર સાહેબશ્રીનું અને આ રાજકીય આગેવાનશ્રીનું માન રાખીને ત્રીજો રસ્તો પણ મેં કાઢી આપ્યો.

મેં કહ્યું કે સાહેબ એમને કહો ફેરવિચારણાની અરજીઓ આપે. હું આ અરજીઓમાં ચીફ ઓફિસર, ફાયરના અધિકારી અને પોલીસનો સ્પષ્ટ અભિપ્રાય મેળવીને, તમામ સ્થળો પર રૂબરૂ મુલાકાત લઈને શકય બનશે એટલાને મદદરૂપ થઈશ. આથી તમામે ફેરવિચારણાની અરજીઓ કરી આપી. મેં ચીફ ઓફિસર, ફાયર ઓફિસર અને પોલીસને મોકલી આપેલ. મને ચીફ ઓફિસરશ્રીનો ફોન આવ્યો કે સાહેબ કેટલીક દુકાનો એવી છે કે જેમાં અમારૂં ફાયર ફાઈટર પહોંચી જ ન શકે આથી એમને અભિપ્રાય આપવો શકય નથી. મેં પોતે મોટરસાઈકલ પર આ તમામ દુકાનોની મુલાકાત લીધી અને જાત અનુભવ કરીને જોયું કે કેટલાક મોટા વેપારીઓની દુકાનો બિલકુલ સાંકડી બજારમાં અને આગ લાગે તો આસપાસના રહેણાંક મકાનો, અન્ય કેટલાક વેપારીઓના વેપાર ધંધા અને માલ મિલકત તેમજ જાનમાલને નુકસાન થવાથી કોઈ ન રોકી શકે તેવી પરિસ્થિતિ જણાઈ.

એક નિયમ એવો પણ છે કે બિલકુલ નજીક નજીકમાં અને સામસામે ફટાકડાની અન્ય દુકાન ન હોવી જોઈએ. પરંતુ એક જગ્યા એવી હતી કે જયાં એક જ દીવાલે અને રોડની સામસામે કુલ પાંચ દુકાનો આવેલ હતી. આથી એમને લાયસન્સ આપવા શકય જ ન હતા. વધારામાં આ દુકાનો ભોંયતળિયે હતી કે જેના માટેનો પરવાનો તેમને ભૂતકાળમાં મળેલ પરંતુ તેની ઉપરના ફલોર ઉપર કે જે રહેણાંક મકાનો હતા તેમાં પણ વગર પરવાનગીએ તેમણે ફટાકડાનો મોટો જથ્થો સંગ્રહ કરેલ કે જેની ઉપરના માળે લોકો વસવાટ કરતા હતા. આ દુકાનોની બિલકુલ બાજુમાં કપડાંનો મોટો શો-રૂમ હતો. આવી પરિસ્થિતિ જોઈને પરવાનો હું તો ન જ આપું. **(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**

---

ફિલ્મી સફર

(એક ઈતિહાસ)


હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**<u>પ્રકરણ-૧૪૮</u>**

**''એ હસીનો નાઝનીનો, મે દિલ હથેલી પે લે કે આ રહા હું''**
**યે દિલ તુઝે દે જાયેંગે, અરે.. તેરી ઓર બાગ લગાયા પક્કા, યે ભી હકકા, બક્કા, પક્કા, દુનિયા પાગલ હૈ અલબતા...**
**પ્રિય વાચક મિત્રો ,**


આભાસ કુમાર ગાંગુલી એટલે કે કિશોરકુમાર, કિશોર દા નો જન્મ દિન ચાર એગસ્ટ ના રોજ હતો, તે તેમની ૯૪ મી જન્મ જયંતી હતી, આવા મહાન ગાયક ને સત સત નમન સહ. આજે હિન્દી સિનેમા ના ફિલ્મી સફર માં ૧૯૫૯ ની કિશોર કુમાર ની ફિલ્મો ની વાત કરીશું. પણ તે પેહલા ૧૯૫૯ માં અન્ય કલાકાર વિષે થોડી વાત કરીએ.

શિવાજી ગણેશન આ વર્ષે પણ હિન્દી ડબ ફિલ્મ સાથે હિન્દી સિનેમામાં આવ્યા, ફિલ્મ હતી, 'અમર શહીદ' પણ સફળ ના રહી, પી.જયરાજની ત્રણ ફિલ્મો મુખ્ય ભૂમિકા માં આવી, બાઝીગર, ભગવાન ઔર શૈતાન, અને ટીપું સુલ્તાન પણ સફળતા ના મળી, શેખર ની બેંક મેનેજર અને અમર નાથ ની બ્લેક મેઈલ સફળ ના રહી, મહિપાલ આ વર્ષે સુપર હિટ ફિલ્મ આપી, પણ તે ફિલ્મ વી શાંતા રામ ની ફિલ્મ થી વધુ ઓળખાય છે, તેમની અન્ય ફિલ્મો માં, ચંદ્ર સેના, અને ડો, ઝેડ સફળ ના રહી, મનહર દેસાઈ ની ચરણો કી દાસી, અને રંજન ની અન્ય કમાન્ડર, અને સાઝિસ સફળ ના રહી, અભિભટ્ટા ચાર્ય ની સામાજિક ફિલ્મો, દીપ જલતા રહે, ફેસેનબલ વાઈફ, અને હમ ભી ઈન્સાન હૈ પણ સફળ ના રહી, સુરેશ ની ઘર ઘર કી બાત અનેમેડેમ એક્સ, અને જરા બચકે, સફળ ના રહી, મોહન ચોટી પણ તે સમયે નાની મોટી ભૂમિકા હીરો તરીખે કરતા હતા, જેમાં, ગોકુળ કા ચોર, કિચક વધ, પક્ષી રાજ, અને સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ ધાર્મિક ફિલ્મો હોવા થી મહદ અંશે જોવા માં આવી, શાહુ મોડક ની ગૃહ લક્ષ્મી, અને કામરાન ની હીરો નંબર વન સફળ ના રહી, (ફિલ્મોના નામ જરા ધ્યાન થી વાંચસો, આજ નામ થી આગળ જતાં સફળ ફિલ્મો આવવાની છે), ચંદ્ર શેખર ની કાલી ટોપી લાલ રૂમાલ સફળ ના રહી, કરણ




દીવાન ની મધુ અને સ્કૂલ માસ્ટર સફળ ના રહી, જહોની વોકર ની મી. ઝોન સફળ ના રહી, શેખ મુખ્તાર ની કેદી નંબર ૯૧૧ સફળ ના રહી, નવા કલાકારો રાજેન્દ્ર, સુનિલ, રાજ કુમાર, શમ્મી કપૂર ને દર્શકો એ પસંદ કર્યા, સાથે દિલિપ, દેવ અને રાજ ની લોકપ્રિયતા અકબંધ રહી, ૧૯૫૯ ની અભિનેત્રીઓ ની વાત કરીયે તો નિરૂપા રોય પાસે સહુ થી વધુ દસ ફિલ્મો હતી, પણ અમુક ધાર્મિક અને અમુક સામાજિક ફિલ્મો હોવા છતાં સફળતા મળી ના હતી, પદ્મિની, શ્યામા, કામિની કેસલ, શેલા રામાણી, નાઝ, શબીતા બેનર્જી, શકિલા, પંઢરી બાઈ, શશિકલા, નલિની જયવંત, કામિની કદમ, સફળ ના રહ્યા, ગત વર્ષ ની સફળ અભિનેત્રી મધુબાલા આ વર્ષે ટોપ ટેન સુધી પહોચ્યા પણ વધુ સફળતા ના મળી, તો ગીતા બાલી પણ સફળતા થી દૂર રહ્યા, નવોદિત અભિનેત્રી, આશા પારેખ, અમિતા, અનીતા ગુહા, ની સાથે વૈજયંતી માલા, માલા સિંહા, સંપ્રયા, નંદા, મીના કુમારી સાથે નુતન સૌથી સફળ અભિનેત્રી સાબિત થયા. જેમની વાત આગળ કરતાં રહેશું, હવે કિશોર કુમાર ની બે ફિલ્મો ની આજે વાત કરીશું.

**ચાચા જિંદાબાદ** – જે ઓમ પ્રકાશના નિર્દેશન માં અને, નિર્માણ માં ચાચા જિંદાબાદ ફિલ્મ કિશોર કુમાર ના લાક્ષણિક અભિનય થી યાદ કરાય છે, રાજેન્દ્ર કૃષ્ણા ના ગીતો, અને મદન મોહનના મધુર સંગીત સાથે કિશોર કુમાર, લતાજી, આશાજી, અને મન્નાદેય ના સ્વરમાં આ ફિલ્મ ના ગીતો આજેપણ કિશોર ના રેર સોંગ માં સામિલ છે, ફિલ્મ માં, કિશોર કુમાર, અનીતા ગુહા, માં. ભગવાન, અનુપ કુમાર, રાજ મેહરા, ટૂન ટૂન, સુંદર, મનોરમાં, ગજાનન જાગીરદાર, કેશવ રાણા, રામ મોહન, એડવીના, અને ઓમ પ્રકાશથી અભિનીત આ ફિલ્મ એવેરજ સફળ રહી હતી. ફિલ્મ ની કથા ટૂંક માં જોઈએ તો, ગજાનન અને રાજ જે નિવૃત કર્નલ છે, બન્ને ભાઈઓ ની જેમ રેહતા ભાઈબંધ છે, બન્ને તેમની ભાઈબંધી ને સંબંધ નું રૂપ આપી વધુ મજબૂત કરવા માંગે છે, રાજ ની પુત્રી અનીતા અને ગજાનન નો પુત્ર કિશોર નાતેઓ લગ્ન કરી દેવા માંગે છે, બચપણ થી સાથે રેહતા અને પડોસ માં જ રહેતા કિશોર ને અને અનીતા ને સંગીત બાબતે વાંધો છે, એક ને શાસ્ત્રીય




સંગીત, પસંદ છે, તો બીજા ને પશ્ચિમી સંગીત પસંદ છે, અને સંગીત પ્રેમી આ નવયુવાન યુવક યુવતી ને આ લગ્ન સંબંધ પસંદ નથી, બન્ને નિર્ણય કરે છે કે તેમના પિતાજી ની દોસ્તીમાં વિઘ્ન નાખી દેવા થી તેમના લગ્ન થસે નહીં, બન્ને ની આ યોજના સફળ રહે છે, વર્ષો જૂની દોસ્તીને કિશોર અને અનીતા દુશ્મની માં ફેરવી નાખે છે, પણ તે સમય ગાળા માં બન્ને એકબીજા ને સમજી લે છે, અને પ્રેમ ના બંધન માં બંધાઈ જાય છે, રાજ તેની પુત્રી ના લગ્ન ઓમ પ્રકાશ ના ભત્રીજા અનુપ સાથે નક્કી કરી દે છે, ઓમ પ્રકાશ ની નજર રાજ ની દૌલત પર છે, હવે બન્ને પ્રેમી કિશોર અને અનીતા મુંજાય છે, કે હવે બન્ને દોસ્ત ને દુશ્મની કેમ ભૂલાવવી ?, પણ તેમાં પણ બન્ને હાસ્ય રસ સાથે આગળ વધતી આ ફિલ્મમાં સફળ રહે છે, અને અંતે બન્ને દોસ્ત એક થાય છે, અને સાથે બન્ને પ્રેમીઓ પણ એક થાય છે.

ફિલ્મ માં કિશોર કુમાર નો લાક્ષણિક અભિનય માણવા જેવો છે, તેના સ્વર માં 'એ હસીનો, નાઝનીનો, ગીત કિશોર ના યાદગાર ગીતો માં સમાવિષ્ટ છે, સાથે કિશોર અને આશાજી નાગાયેલ અન્ય ગીતો અને મન્નાદેય અને લતાજી નું શાસ્ત્રીય સંગીત પર આધારિત ગીત પણ કર્ણ પ્રિય છે.

**ઝાલ સાઝ** – અરવિંદ સેન ના નિર્દેશન અને, નિર્માણમાં, મજરૂહ સુલ્તાન પૂરી ના ગીતો અને એન દત્તા ના મધુર સંગીત માં, કિશોર કુમાર, ગીતા દત, આશાજી ના સ્વર ના ગીતો અને કિશોર કુમાર (ડબલ રોલ), માલા સિંહા, નાસિર હુસેન, અચલા સચદેવ, પારો, નાના પલસીકર, કૃષ્ણ કાન્ત, સાબિતા, મધુમતી, શ્યામા, હેલેન, અસિત સેન, બી.આર. ઈશારા, કમલ ચૌધરી અને પ્રાણ થી અભિનીત આ ફિલ્મ સફળ રહી ના હતી, પણ કિશોર ની થ્રીલર ફિલ્મ થી યાદ કરાય છે, સાથે કિશોર ના રેપ સોંગ થી યાદ કરાય છે. ફિલ્મ ની કથા એવી છે કે નાસિર અને અચલા નો પુત્ર શંકર એટલે કે કિશોર પંદર વર્ષ થી લાપતા છે, એક દિવસ તે પ્રાણ જે નકલી નોટ બનાવે છે અને કિમીનલ વ્યકિત છે, તેના સંપર્ક માં આવે છે, તે અમીર બાપ નો એક નો એક પુત્ર છે, તે જાણ્યા બાદ તેનું અપહરણ કરી લે છે, અને તેના જેવી શકલ ધરાવતા, કિશોર એટલે કુંદનને તેના ઘરે તેનો પુત્ર બનાવી મોકલી આપે છે, કુંદન એક ચોર છે, અને લૂટ ના માલમાં પચાસ ટકાની ભાગીદારી નક્કી કરી, તે ઘર માં રૂપિયા ચોરવા પહોચી જાય છે, કુંદન એક ગરીબ યુવતી માલા ને ચાહે છે, અને તેની સાથે લગ્ન કરવા માંગે છે, તો તે જે ઘરે જાય છે ત્યાં તેની બચપણ ની સાથી શ્યામા તેને બચપણની યાદો યાદ કરાવે છે, પણ નકલી કિશોર ને તેમાં રસ નથી, તેને માત્ર દૌલત જોઈએ છે.

પણ કિશોર એટલે કે કુંદન ને માતા પિતા અને બહેન નો પ્રેમ અને તેની પ્રેમિકા માલા નો પ્રેમ ગુનાહિત કૃત્ય કરતાં અટકાવે છે, પ્રાણ તેથી નારાઝ થાય છે, તે કુંદન અને માલા વચ્ચે અણ બનાવ નું વાતા વરણ ઊભું કરે છે, પણ સાચા પ્રેમીઓ તેની ચાલ સમજી જાય છે, અંતે કુંદન જીવ જોખમ માં મૂકી, નાસિર અને અચલા ના સાચા પુત્ર, શંકર ને પ્રાણ ની કેદ માંથી મુકિત અપાવે છે, તેનો ગુન્હો તેના કહવાતાં માતા પિતા સામે કબૂલ કરે છે, તે એક ઝાલ સાઝ માણસ છે, તે કહી દે છે, પણ માતા પિતાનું વાત્સલ્ય તેને પણ મળે છે, કુંદન ને માતા પિતા, બહેન અને ભાઈ સાથે માલા નો પ્રેમ મળે છે.

ફિલ્મ માં કિશોર અને પ્રાણ ની લડાઈ રોમાંચક રીતે ચિત્રિત કરવામાં આવી છે, ફિલ્મમાં 'યે દિલ તુઝે દે જાયેંગે, અરે તેરી ઔર બાગ લાગયા પક્કા, યે ભી હકકા, બક્કા, પક્કા, દુનિયા પાગલ હૈ અલબતા, ગીત કિશોરની આગવી શૈલીમાં આજેપણ લોકપ્રિય છે, રેપ સોંગના હિન્દી સિનેમામાં ઉદ્ભવ કર્તા, અશોક કુમાર અને ત્યારબાદ લોકપ્રિય બનાવનાર કિશોર કુમારની આ આગવી ગાયિકી આજેપણ અકબંધ છે, કોઈપણ ગાયક કિશોરના રીતે આ અમુક ગીતો ગાઈ શકે તેવી કોઈના એકાગ્રતા નથી, આવા મહાન ગાયક કિશોરદા ને ફરી સત સત નમન સાથે, આગામી અંકમાં સફળ ફિલ્મો અને ગીતો સાથે મળીશું. આભાર.

---

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**સ્વર્ગની લગોલગ રસ્તો**

ઘડીયાળનો ટક ટક અવાસ જિંદગીનાં રસ્તાને કટ કરતો જાય છે....! આત્મીય જનનું સ્ટેશન આવી ગયું હતું. કે આવી રહયું... હોવાથી તેમણે છેલ્લે કહયું કે.... પૃથ્વી સુર્યની આસપાસ ફરે છે. સુર્ય આસપાસ ફરતી ઋતુઓ રંગ બદલે છે. ચંદ્રગ્રહણ થાય છે. પરંતુ સુર્ય આસપાસ ફરવાનું તેનો ક્રમ શાશ્વત રહે છે. તેમ મેં પ્રેમને સુર્ય કહયો છે. સફરમાં જે મળ્યા તેમને ચાહવાનો પ્રયત્ન કર્યો પરંતુ બાળસખીનું સ્મિત – હંમેશા પ્રેમનો સુરજ બની હૃદયમાં હંમેશા ઝળહળ પ્રકાશ પાથર્યો છે. તેમણે ફુલનું સ્મિત ધર્યુ – તું મે હૃદય ધરી સુવાસ સ્વીકારી હતી. જે શાશ્વત સમયમાં અમર ગાંઠ બંધાઈ હતી.

– ટ્રેન ઉભી રહી. સ્વજન યાત્રીએ છેલ્લા શબ્દો આ કહયા ''મને રસ્તામાં જે જે મળ્યા તેઓને મેં પ્રેમનાં ફુલો વહેંચ્યા છે. રંગોથી રંગવા પ્રયત્ન કર્યો છે. ફુલો વહેંચ્યા છે. જેને જે સમજવું હોય તે પરંતુ રાધાનાં મનમાં સંદેહ ન રહે તે માટે આટલું કહેવાઈ ગયું.... મળે જો રાધા તો કાનમાં જ ઈ કહેજો કે માધવને જમુનાનાં નીર વણલા હજુ એટલા જ .... બસ આવજો આઈ હવે નો મોર ટુ સે – ગુડઆય !''

ફરી હળવા ધકકા સોથ ટ્રેન આગળ વધી....! હું શૂન્ય સ્તબ્ધ કયાંય સુધી વિચારતો રહયો.. આપણું જીવન કલ્યાણ યાત્રા. કર્મયાત્રા વિચારયાત્રા સાથે પ્રેમ યાત્રા પણ છે જે બાજુમાં એક યાત્રી અમારી વાતો સાંભળતા હતા. મને પુછયું કે અહી સ્ટેશને ઉતરી ગયેલા ભાઈની શું વાત હતી ? તેઓ એટલા બધા ડીપ્રેસ કેમ



ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા

હતા ? શું તેઓ નિષ્ફળતાનાં તનાવમાં કંઈ વિચારણા હતા ? મેં કહયું ના ગુણિયલ એન ધીરજવાન વ્યકિત કદી આવું ન વિચારે લાગણી પ્રેમનાં પ્રકરણમાં શંકા, અવિશ્વાસ અન્યની કોઈ વાત થી પ્રેરાઈ તેમની અવહેલનાં થઈ છે. પરંતુ આ અમુક સમયનું સત્ય છે. મેં ધીરજ રાખવાનું કહયું છે. ''ધીરજ સમ નહિ ધન... વાટે વિપદના વન.... સંતો.. ધીરજસમ નહિ ધન, સંસારમાં પ્રશ્નો બનતા હોય છે. ધીરજ રાખવાથી ગાંઠ ઉકેલાય છે. સુખનાં પ્રસંગો ધીરજથી લાવી શકાય...... 'તમે શું સલાહ આપી ? દરેકે ટકી રહેવા માટે સારા પોઝીટીવ વિચારો કરવા જોઈએ. માણસ જયારે એકલો હોય... શાંતિથી વિચારે ત્યારે જરૂર સારા વિચારોથી મન શાંત થાય છે. દરેક વ્યકિત આત્મમનો મંથન કર્યા પછી જ સદભાર્ગે જવાનો રસ્તો મળે છે....'' બંદર છો દુર છે. બેલીતારો તું જ છે. દરેકે પોતાનો રસ્તો પોતે જ કંડારવાનો છે. ભીતરમાંથી તેમેન પરમાત્માનું માર્ગદર્શન મળે છે. યુધ્ધનાં મેદાનમાં શ્રીકૃષ્ણે અર્જુનનો વિષાદ ભલે દુર ન થયો. પણ જેમ વિચારશે તેમ મનમાં સમાધાન જરૂર થશે. ખરા પ્રેમમાં કયારેય દ્રેષ નફરત થતી નથી. જનકલ્યાણમાં એક પ્રસંગ હતો. ઘરમાં અચાનક આગ લાગી હતી. અને પતિને બચાવવા પત્ની જીવનાં જોખમે ગોદડુ લઈને આગમાં કુદી પડી... પતિ બેભાન અને પત્નીની આંખ જતી રહી. પત્નીએ સાસુ પાસેથી વચન લીધુ કે મેં મારા પતિનો જીવન બચાવ્યો છે. પરંતુ તેમને (પતિને) કયારેય કહેશો નહિ. આ આંખ તેમને બચાવવા ગુમાવી છે. ધીમે ધીમે ચેહરા ઉપરા દાઝી ગયેલા નિશાન ચહેરો દુરૂપ આંખ નહિ.. આવી પત્નીને પતિ નફરત કરવા લાગ્યો. એક વખત મિત્રો ઘરે જમવા આવ્યા ત્યારે કુરૂપ પત્નીનું સખત અપમાન કર્યુ. ધીરજ અને સહન શીલતાની હદ આવી ગઈ. પત્ની ઘર છોડીને ગઈ. આપઘાત કરી લીધો. પત્ની ઘરે ન આવી એન જયારે ખબર પડી કે તે હવે નથી. ત્યારે દીકરાની માં એ કહયું બેટા આજે તું જીવતો છે. તે તેના કારણે તે કુરૂપ બની તને બચાવવા સત્ય સમજાયું ત્યારે મોડુ થઈ ગયું હતું. પ્રેમાળ પત્નીને પતિને પોતાની કેફિયત છુપાવી તેનો દંડ મળ્યો જો કે આવા તો ઘણા પ્રસંગો છે. પ્રેમ હંમેશા સમર્પણ, ત્યાગ, સહનશીલતા ધીરજ જેવા ગુણોની અપેક્ષા રાખે છે. આવી કસોટીમાંથી ભાગ્યે જ કોઈ પાસ થાય છે. અને જે પાસ થાય છે. તે જીવનને સમજયા છે. સાર્થક જીવનનું રહસ્ય સમજયા છે.

આત્મતત્વનું ચિંતન સ્વર્ગની લગોલગા ચાલવાનો રસ્તો છે. બન્ને યાત્રો વચ્ચે સંવાદિતા હોય પ્રેમની પરસ્પર સાચી સમજણ હોય. પ્રેમનો સ્વીકાર હોય તો તેમને ભૌગોલિક સીમડા નડતા નથી. વય, રૂપ, જાતિ, રંગ કશુય નડતુ નથી. પ્રેમ પુર્ણરૂપે ચંદુ બની આકાશમાં સોહે છે. ચાંદની બની વિસ્તરે છે. ઈતિહાસ પુરાણમાં આવા ઘણા પ્રસંગો છે. સફળ સુંદર ઝળહળતો જીવનનો આ શ્રેય માર્ગ છે. મધુરાષ્ટકમાં શ્રી કૃષ્ણનું સઘળ રૂપ વર્તન મધુર છે. કારણ કે પ્રેમ છે. ત્યાં કાંઈ અશુભ નથી. પ્રભુને પામવા પ્રેમ સિવાય બીજો કોઈ રસ્તો નથી. પ્રેમની ગલી ઘણી સાંકડી છે. એક દેહ, આત્મારૂપે જવાનું છે. કૃષ્ણ માટે રાધાને પ્રેમ લગની છે.ઈશ્વર સાથેનાં નિરંત સંવાદ છે. પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની, જળ જમુનાનાં ભરવા ગઈતી હતી ગાગર માથે ।હેમની 'મીરાં

**(અપૂર્ણ)**

---

# સમજણ એ જ નારાયણ

**'જો હુકમનું એક પણ પાનું મળે'**
**જીવવાને તે પછી બહાનું મળે'**

–પ્રફુલ્લ વોરા

ગત આઈ.પી.એલ. કિકેટ ટુર્નામેન્ટમાં ઘણાં યુવા આશાસ્પદ ક્રિકેટરો, પ્રતિભાઓની રમત જોવાનો લાભ મળ્યો ( હજુ આપણા દેશામં ક્રિકેટને ધર્મની જેમ જ જોનારો વર્ગ ભલે ઓછો પણ છે તે ખરો જ !) એમાંનો જ એક ક્રિકેટર યશસ્વી જયસ્વાલ કે જેણે ખુબ જ સૌને પોતાનાં બેટથી, રમતથી પ્રભાવિત કર્યા.

તેની અમુક ઈનીગ્સ તો એટલી અદભૂત, છટાદાર અને નયનરમ્ય હતી કે વિરાટ હોહલી જેવા સિનિયર ખેલાડીઓ પણ તેનાં વખાણ કરતાં થાકતાં ન હતા । કોઈ મંજાયેલો બેટર હોય તેવી શાનદાર



યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી.)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

છટાથી રમતાં આ ક્રિકેટરનું બેક ગ્રાઉન્ડ પણ એટલું જ રોચક, સંઘર્ષનય અને ધ્યાનાકર્ષક રહયું છે. સાવ સામાન્ય પરિવારમાંથી આવતો આ ખેલાડી મુંબઈ આવીને પાણીપુરી વેંચવાનું કામ કરે છે, તો તેની સાથે જ પોતાનો ક્રિકેટ પ્રત્યેનો લગાવ, અને ધુન પણ પુરી નિષ્ફારક જાળવી રાખે છે.

મર્યાદીત અને ટાંચા વિકલ્પોની વચ્ચે પણ તે પોતાની સાધનાને વળગી રહે છે. ! પ્રેકટીશ ચાલુ રાખે છે. પોતાની સોથ રમતાં ખેલાડીઓ જયારે તેની લારીએ પાણીપુરી ખાવા આવે, ત્યારે ભીતરથી સંકોશ અનુભવતાં આ ખેલાડીનું બેટ બીલકુલ સંકોચ વગર ફરે છે !

હાલમાં જ વેસ્ટઈન્ડિઝ ગયેલી ભારતીય ટીમમાં તેને નાની ઉમરે જ ટેસ્ટકેપ મળેલી છે. પોતાની આંતર રાષ્ટ્રીય લેવલની પ્રથમ જ મેચમાં, પ્રથમ ઈનીગ્સમાં જ તેણે ૧૭૦ +રન કરીને પોતાની પસંદગીને સાર્થક કરી બતાવેલ છે.

તેના ભવિષ્યને ખુબ જ ઉજજવળ માનવામાં આવી રહયું છે. આઈ.પી.એલ. તેનાં માટે પ્લેટફોર્મ સાબિત થયું છે.

બસ આવું જ કંઈક જીવન સોથ જોડાયેલું હોય છે. જીવનમાં, રમતમાં, દરેક ક્ષેત્રમાં એવા પ્રભાવશાળી લોકો જોવા મળશે જ કે જેઓમાં ટેલેન્ટની કમી નથી.. પણ તેને જરૂર એક સારા પ્લેટફોર્મની, એક ઉતમ તકની હોય છે. જેવી આ તક મળશે એટલે તે તુરત જ ઝડપી લઈને પોતાનું ૧૦૦% ઉપરનું પ્રદાન આપીને યોગ્યતાને જગતનાં ચોકમાં સાબિત કરી બતાવશે. બસ પછી તો તેને મળેલી તકને જ તે સાધનામાં કન્વર્ટ કરીને પોતાની સફળતાનો રાજમાર્ગ કંડારશે. ઈતિહાસ રચશે...!!

**નવનીત :** (સિદ્ધિ પ્રાપ્ત કરવાનો એક જ રસ્તો સાતત્ય છે !

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૩૦

## શ્રાવણ માસનું આધ્યાત્મિક અને આરોગ્યની દ્રષ્ટીએ મહત્વ



ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

આગામી તા. ૧૭/૦૮/૨૩ ને ગુરૂવારથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઇ રહી છે, આ વર્ષે વરેસેલા વિશેષ વરસાદને કારણે હજુ સુધી ખાડા-ખાબોચ્યામાં પાણી સુકાણા નથી પરીણામે છેલ્લા અઠવાડીયાથી તાવ-શરદી-ઉધરસ ના દર્દીઓમાં વધારો થયો છે સાથે-સાથે ચામડીના અને વિશેષ કરીને પેટના રોગોના દર્દીઓમાં ઘણો વધારો થયો છે મોંઘવારી હોવા છતાં સારા વરસાદ ને કારણે લોકોમાં આ વર્ષે તહેવાર ઉજવવાનો વિશેષ ઉત્સાહ જણાઇ રહ્યો છે, શ્રાવણ માસ થી લઇ દિવાળી સુધી એકધારા તહેવારો ની હારમાળા લોકોમાં પણ શુષ્ક થઇ ગયેલી જીંદગીમાં રીચાર્જ નું કામ કરશે અને આમેય આપણા તમામ તહેવારો સામાજીક આરોગ્ય -સમાજ વ્યવસ્થા અને શુષ્ક જીંદગી ને પ્રફુલ્લીત કરવાનું કામ કરતા હોય છે.

**શ્રાવણમાસમાં ઉપવાસ એકટાણાનું મહત્વ**

વાદળ અને વરસાદથી પ્રાણી માત્રનો જઠરાગ્નિ બગડે એટલે મંદાગ્નિ થવાને કારણે આ ૠતુ માં લોકો વધુ બિમાર પડે અને લોકોની રોગ પ્રતિકારક શકિત ઘટે. ચોમાસા માં ૠતુ ના પ્રભાવથી મંદાગ્નિ અને તેને કારણે પિતનો સંચય થાય છે, હવામાનમાં રહેતો તફાવત લોકોને સહજતાથી માંદા પાડી દે છે આયુર્વેદ અનેઆધુનીક તબીબ જગત આવું સ્પષ્ટ માને છે કે આ સમયગાળામાં લોકોની રોગપ્રતીકારક શકિત નબળી પડે છે, આથી જ ખોરાક અને રહેણીકરણી (આહાર-વિહાર) બાબતે સાવધાન રહેવા માટે આ દીવસોમાં ઉપવાસ-મૌન વ્રત વગેરે પાળીને આધ્યાત્મિક રીતે આધ્યશકિતની ભકિત કરીને લૌકિક રીતે શકિત (એનર્જી) અને સુખ-સમૃધ્ધિ મેળ વવાનો મહત્વપુર્ણ પ્રયાસ છે. 'ઉપવાસ' શબ્દ બે શબ્દોનાં જોડાણ થી બનેલો શબ્દ છે 'ઉપ' એટલે નજીક અને 'વાસ' એટલે રહેવુ, ઉપવાસ કરવાનો હેતુ ઈરીય તત્વની નજીક રહેવા માટેનો છે, વિવિધ જણાતા દરેક ધર્મો આહાર વગેરે ના સંયમ થી બાહ્ય જીવનમાં ખર્ચાતી ઉર્જાને પ્રયાન ને આંતરીક જીવન તરફ વાળવા પ્રેરણા આપે છે આયુર્વેદ ના મતાનુસાર ઉપવાસ કરવાથી જઠરાંગ્ની પ્રદીપ્ત થાય છે, અને આપણા શરીરના વિષાકત પદાર્થો નો નાશ થાય છે અને તેનાથી શરીર માં સ્ફુર્તીનો સંચાર થાય છે, માંસપેશીઓમાં નવચેતન લાગે છે અને શરીરની શુધ્ધી થાય છે, શરીર શુધ્ધ થવાથી મન પણ શાંત અને સ્થીર થાય છે, આવા શાંત અને સ્થીર થયેલા મનથી જો અનુષ્ઠાન (ધ્યાન)-યજ્ઞ કરવામાં આવે તો મન ના દોષો (તમસ અને રજસ) શાંત થાય છે અને સાત્વિકતા વધે છે અને તેનું ઉર્જા અને પ્રસન્નાતામા રૂપાંતર થાય છે આમ આ દિવસો માં ઉપવાસ અને ધ્યાન કરવાથી શરીર શુધ્ધ થાય છે, મન શાંત અને સ્થીર થાય છે, આપણી રોગપ્રતીકારક શકિત વધે છે, આપણને નવી ઉર્જાપ્રાપ્ત થાય છે.

આમ આ દિવસોમાં ઉપવાસ અને ધ્યાન કરવાથી શરીર શુધ્ધ થાય છે. મન શાંત અને સ્થિર થાય છે. આપણી રોગપ્રતિકારક શકિત વધે છે. આપણને નવી ઉર્જા પ્રાપ્ત થાય છે.

**શ્રાવણમાં બિલીપત્રથી શિવજીનું પૂજન,**

બિલ્વ વૃક્ષના મૂળની છાલને દશમૂલ કવાથમાં પ્રયો જાય છે,

જે વર્ષાકાલમાં થતાં વાતદોષ જનીત દુ:ખાવા (neuromuscular) દૂર કરવામાં શ્રેષ્ઠ છે.

આયુર્વેદની આદ્ય સંહિતા ચરક અને સુશ્રુતમાં બિલ્વ ફળને કાચું જ ઔષધ પ્રયોગ તરીકે લેવાનું કહ્યું છે.

કાચા ફળો સંગ્રાહી ગુણ ધરાવે છે એટલે મરડો (dysentery) તથા ઝાડામાં શ્રેષ્ઠ છે, પણ લાંબા સમય સુધી પ્રયોગ કરવો હોય તો સાકરના ચુર્ણ સાથે લેવુ નહી તો હરસ (piles) થવાનો ભય રહે છે. ઔષધ બાબતે આવી બારીક વાતો વિશે સાવધાની રાખવા માટે નિષ્ણાંત આયુર્વેદ ચિકિત્સકની દેખરેખ નીચે જ વનૌષધિના પ્રયોગ કરવા હિતાવહ..

બિલીપત્રને પથ્થર પર લસોટીને એનો સ્વરસ કઢાય છે. સામાન્ય રીતે અષાઢ-શ્રાવણમાં વાતાવરણમાં ભેજને લઈને બીલીપત્ર માંથી સ્વરસ અન્ય ૠતુ ની સરખામણીએ સારો પ્રાપ્ત થાય છે.

વળી નવપલ્વીત પર્ણો ચૈત્ર - વૈશાખમાં આવે છે આથી આ સમયે સંપૂર્ણ ગુણોથી યુકત થયેલ હોય છે.

દયાળુ પ્રભુએ એમાં સુગંધિત તેલ કુંપીનું નિર્માણ કરીને મનમોહક બનાવ્યા જેથી કરીને પ્રકૃતિજન્ય વિકારો સામે વર્ષાતુમાં રક્ષણ મેળ વવા ઈચ્છતા વ્યકિત હોંશેહોંશે ખાઈ પણ શકે.

ૠષિગણે, દેવાધિદેવના પૂજન નિમિત્તે પ્રસાદ તરીકે આરોગવાની પ્રથા કદાચ પાડી હશે, પણ કાળક્રમે એ લુપ્ત થઈ અને હવે માત્ર દેખાદેખી જન્ય પરંપરા બની ગઈ આજે હજારો કિલો બિલીપત્રને શિવલિંગ પર અભિષેક કરીને પાણીમાં પધરાવી દેવાય છે. એનાથી કોઈ આરોગ્ય લાભ થતો નથી પણ જો બિલ્વાષ્ટકના પાઠ સાથે અભિષેક કરાયેલ આઠ બિલીપત્રને પ્રસાદ માનીને ભક્ષણ કરી જવાય તો દિવ્ય ઔષધી સાબિત થાય જ છે.

એક માન્યતા છે, કે પ્રત્યેક બિલીપત્ર પર ચંદનથી તિલક કરીને અભિષેક કરવો,

બિલ્વના કાષ્ટને પણ ચંદન સમાન ગણી એને ઘસીને તિલક કરાતુ,

ચંદન શિતળ અને સુંગધીત કાષ્ટદ્રવ્ય છે, જે મન સાથે પિત્તને પણ શાંત કરે છે.

બિલીપત્રનો રસ પરસેવાજન્ય શરીરની દુર્ગંધ તેમજ ખાજ-ખરજવાં દૂર કરે છે, આ પર્વ નિમિત્તે શિવાલયોમાં ચઢાવેલ બિલીપત્ર એકઠાં કરી એને સ્નાનાર્થે આવા દરદીઓ, શ્રદ્ધાથી પ્રયોજે તો અવશ્ય વ્યાધિ મુકિત મળે જ, મહર્ષિ ચરક - સુશ્રુત ના વર્ણન પ્રમાણે બીલીફળ તથાબીલીપત્રનુ સેવન, વાછુટ (અપાનવાયુ ત્યાગ વખતે)ની દુર્ગંધને પણ દૂર કરે છે.

બિલીપત્રનો સ્વરસ બેઠાડું જીવનશૈલી ધરાવતા વ્યકિતઓના મેદ/ચરબી તથા પેશાબમાં જતી સુગરને કંટ્રોલ કરે છે અને સ્વસ્થ વ્યકિતના પાચનસંસ્થાનને સમ્યક રાખીને વર્ષાતુના વિકારોથી રક્ષણ કરે છે, વેદકાલીન વનસ્પતિ અને વનૌષધિમાં બિલ્વનો સમાવેશ થાય છે. શ્રી સુકતના આ શ્લોક દ્વારા પ્રતિતિ થાય છે...

આદિત્યવર્ણે તપસોડધિજાતો
વનસ્પતિસ્તવ વૃક્ષોડક્ષ બિલ્વ : ।
તસ્ય ફલાનિ તપસાનુદન્તુ
માયાન્તરાયશ્વ બાહ્યા અલક્ષ્મી: ॥

વળી સુશ્રુતસંહિતાના ચિકિત્સાસ્થાનના મેઘા આયુષ્ય કામીય અધ્યાય માં દર્શાવેલ છે, કે બીલીનો પ્રયોગ ૠગવેદના શ્રીસુકતના અનુષ્ઠાન સાથે સુવર્ણ સાથે રસાયન સમાન છે.

અતીમનમોહક સુગંધ ધરાવતા બિલીપુષ્પથી પ્રથમ નવરાત્રની અધિષ્ઠાત્રી દેવી માઁ શૈલપુત્રીનું પૂજન કરાય છે.

લિંગાર્ચનચંદ્રિકા નામના ગ્રંથમાં આઠ પ્રકારના બિલ્વપત્ર ગણાવે છે.

તુલસી બિલ્ય નિર્ગુન્ડી અપામાર્ગ:
કાપિત્થચ ।
શમી આમલકી દુર્વા અષ્ટ
બિલ્યાપ્રકીર્તિતા ॥
......બિલતી ભિન્નતિ ઈતિ બિલ્વ

એટલે કે જે વાત અને કફ એમ બે દોષોને હણે છે એ બિલ્વ છે. આધ્યાત્મિક પરિભાષામાં શારીરિક અને માનસિક દોષોને જે હણે છે એ બિલ્વ છે. આ આઠ પ્રકારના બિલ્વપત્ર વેદકાલીન ભારતીય સંસ્કૃતિથી આરોગ્ય રક્ષણ કાજે પ્રતિષ્ઠિત છે. આમના વિશેષ ગુણ બતાવતા જણાવેલ છે કે,

તુલસી શ્રેયમાન્પોતિ
બિલ્વમ્ ચ મોક્ષસાધનમ
નિર્ગુન્ડી રોગનાશાર્થમ્
અપામાર્ગશ્વ પુત્રદ: ।
કપિત્થેન ભવેદ્રજયં
શમી શત્રુવિનાશિનિ
આમકી પાપનાશાર્થમ
દુર્વા વંશવિવર્દ્વનિ ॥

બિલીનો જે કુદરતી વનસ્પતિ વર્ગ છે, એમાં કોઠું, મીઠો લીંબડો, તથા બીજોરાંનો પણ સમાવેશ થાય છે.

**આશ્ચર્યજનક અવલોકન જુઓ...**

ભારતવર્ષના ઉત્તર ભાગમાં બિલીની મહિમા છે જયારે દક્ષિણ ભાગમાં મીઠો લીંબડો/કઢ ીપત્તાનો બહોળો ઉપયોગ રસોઈમાં છે.. અને આપણા ગુજરાતમાં કોઠાની ચટણી હોટ ફેવરિટ છે, રહી વાત બીજોરાની તો ભગવાન શિવજીનો એક અવતાર લકુલીશ ભગવાન (કાયાવરોહણ- નર્મદા) ના એક હાથમાં બીજોરાનું ફળ પ્રતિક સ્વરૂપે ધારણ કરાયુ છે.

આયુર્વેદ કહે છે કે વાયુને બળપુર્વક રોકવાથી વેદના અને વ્યાધિ થાય છે, (વેગધિરાણ) ભગવાન લકુલીશ યોગમાર્ગના પ્રવર્તક છે.

હઠયોગ સાધનામાં સાધકને આસન-પ્રાણાયામ કરવાં પડે એટલે શરૂઆતમાં શરીર અને મન, વાયુદોષથી વિકૃત ના થાય એ માટે બીજોરાંનું સેવનકરવુ એમ પ્રતિકાત્મક દર્શાવેલ છે...

હવે ઔષધીય દ્રષ્ટિએ જોતાં આ ચારેય પરમ વાતનાશક તેમજ વેદનાસ્થાપન તથા પાચનસંસ્થાન સંબંધિત સમસ્યાઓનું નિવારણ કરનારા છે સાથે સાથે ચર્મવિકારોમાં પણ એટલાંજ ઉપયોગી છે.

આમ આયુર્વેદ શાસ્ત્ર અને વેદકાલીન આધ્યત્મની દ્રષ્ટિએ બિલ્વ વૃક્ષ આરોગ્યદાયક હોઈ અતિ પવિત્ર માનવામાં આવ્યુ છે.

વર્ષાતુમાં બિલીવૃક્ષના મૂળ પાસે નવી ફુટ જોવા મળે છે. આ ફુટને કાળજીપુર્વક લઈને અન્ય જગ્યા વાવેતર કરવાથી તથા બીલીના વૃક્ષ પર કાંટા હોય છે આથી પશુ આદીથી રક્ષવું પડતુ નથી સરળતાથી બીલી વૃક્ષનું સંવર્ધન થઈ શકે છે... પરીપકવ બીલી ફળના બીજ દ્વારા પણ વાવી શકાય છે, પણ એમાં સમય વધારે લાગે છે.

મિત્રો, આ શ્રાવણ માસમાં એક બિલ્વ વૃક્ષ વાવવાનો અને ઉછેરવાનો સંકલ્પ લઈએ, એ ના થઈ શકે તો શિવાભિષેક કરાયેલ બિલીપત્રને પ્રસાદ માની આરોગ્ય રક્ષણ કાજે એનો સમ્યક ઉપયોગ કરીએ...

સ્વચ્છ શિવાલય-સ્વસ્થ શરીરનો અભિગમ શ્રાવણમાં રાખીએ...

ૐ નમઃ શિવાય...

# 'રામ રાજ સુખ બડાઈ, વિશુર સુખદ તોઈ સરદ સુહાઈ ।

# અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

**॥ શ્રી રામચંદ્રારા નમઃ ॥**

કલકતા,
તા.૨૭/૩/૨૦૬૨

પ્રિય રમા આસીસ,

તુમારા પત્ર મિલા તા.૨૨/૩ કા, તુમ કો મેરા પત્ર પઢ કર અશાન્તિ કર્યો હૂઈ ઔર કર્યો મન વ્યાકુલ હે ?

તુમ વિચાર કરો. મનકો વ્યાગ્ર બનાના અપની હાનિ હે. ધીરજ રખો. મેં શીઘ્ર હી આકર મિલુંગા.

ભજન ખુબ કરના. ધ્યાન બઢાનાં ઔર પ્રેમ ભી....

રણછોડદાસકા આસીસ

સર્વ કુંટુમ્બકો આસીસ કહના.

**(૩૧) કૃપાસિંધુ જનહિત તનૂ ધરહી**

હવે તો આ પત્રો જ ભગવદ દર્શન માટેની પ્રતિક્ષાનો સહારો છે. થોડા સમય બાદ જાણવા મળ્યુ. શ્રી રામનવમીનો ઉત્સવ મુંબઈમાં ઉજવાશે. બાપુજીએ આ પ્રસંગ પર આવવા બાબત ભગવાનને પુછાવતાં સંમતિ મળવાથી હું, બા બાપુજી અને બે નાના ભાઈઓ મુંબઈ ગયા. મુંબઈ મનહરભાઈને ત્યાં સાયન પ્રથમવાર જ ગયેલા. સવારે દસ વાગ્યાની આસપાસ ફુલવાડીમાં ભગવાનનાં દર્શનાર્થે ગયા. ભગવાનનાં બંધ દ્વાર પર પ્રણામ કરતાં અંદરથી અવાજ આવ્યો. 'દરવાજા ખોલ દો. દેખો જયપુરવાલે આ ગયે. "દરવાજો ખોલતાં અંદર જઈ પ્રણામ કર્યો. કયારે આવ્યા. કયાં રહયા વગેરે પુછયુ. અને કહયુ, "કાલબાદેવી પર મહેમાનોકી વ્યવસ્થા કી ગઈ હે. પુરૂષોતમભાઈ, આપ લોગ વહાં આ જાવ ઔર રમા મેરે પાસ રહેગી" થોડીવારે બધાને બહાર મોકલી મારી સાથે વાત કરતા પુછયું, "નિયમ વિગેરે કૈસે ચહતા હે ?

રામસધિ યશ સલિલ સુધા સમ,
ઉપમાં વીચિ ચિલાસ મનોરમ ।

બનારસ

॥ શ્રી રામચંદ્રાંય નમઃ ॥

પ્રિય રમા સાદર આશીરવાદ :

તુમારા ૧૭-૨ કા પત્ર બરાબર મિલ ગયા. તુમ કિતની પ્રેમાલ હો. તુમારે ભાવ બડે ઉતમ હે પરંતુ યહ ભાવ અતિ પવિત્ર ઔર બહુત ઉચ્ચ કોટિમેં હી રહે ઈન ભાવોમેં વિષયકી ગંધ ન આવે નહીં તો પતનકા માર્ગ ખુલેગા, બડે પવિત્ર વિચારસે મન ઓતપ્રોત રહે. જૈસી તુમ સુંદર હો વૈસે હી વિચાર ઔર ક્રિયા સુંદર હો.રમા, માનવકા જીવન બ્રહ્મચર્ય હે. માનવકા વિકાસ બ્રહ્મચર્ય હે. માનવકી સુંદરતા બ્રહ્મચર્ય હે. કભી ભુલકર બ્રહ્મચર્યકા અનાદર ન કરના હો. રમા, તુમને લિખા કિ કારણવશાત તુમ મુઝે છોડ દોગે. ધત્ પગલી કહી આર્ય જગત (આદર્શમય જીવન) એસા કરતા હે. હે આર્ય પુત્રી તુમ નિશ્ચિન્ત રહો. કદાપિ પ્રભુ અપના કર છોડતે નહી હે.

અચ્છા તુમને સંધી પ્રકરણ સમાપ્ત કર લિયા. યહ જાનકર મુજે કિતનાં આનંદ હુઆ હે વહ તું અપને મનસે પુછતા. ઔર ભગવાન શ્રી પતિતપાવન ભગવાનકી અહૈતુક કૃપા પર ગદગદતા હોતી હે, મૈં તુમે એક અચ્છી પંડિતા યોગિની દેખનાં ચાહતા હું પર યહ જબ હી હો સકતા હે જબ તુમ બરાબર પરિશ્રમ કરતી રહો.અચ્છા સુનો રમા, અબ તુમ કભી ઐસે બુલાનેકે વિચાર ન કરા કરો ઔર ન શપથ દિયા કરો. અચ્છા કારણ અભી ભગવત આજ્ઞા વિશ્વકી સેવા કો હે ઔર તુમ ઐસા કરો તો કાર્ય મેં બાધા હોગીનાં ?

ગરદનમેં પહેલે દર્દ સબકો હોતા હૈ. પર ઉસ પર બલ રખાના. અપનેઆપ બંદ હો જાવેગા ભ્રફુટિમે ફડકન શુભ હૈ અભ્યાસ છોડનાં નહીં મનકી ચચંલતા પર નિષ્ઠા રખો કિ મૈ તુમે કભી નહીં છોડુંગા શરીરકી ચિંતા કરના નહી.

મેરી સોવ આધ્યામિક ઉન્નતિ હી હ. વહી સત્ય હૈ ઔર સ્થુલ સેવા ભી મિલેગી.

એક બાત ઔર તુમારે ભાવ હૃદય મેં હી રખો. પત્રોમે ન લિખો રામભગતિ સુરસરિતહિં જાઈ, મિલી સુકીરતિ સરયુ સુહાઈ

કારણપ પત્ર દુસરોકો પઢનેકો મિલે તો તુમ પર વિચાર હોવે, ઉન્હે ઈસ અલૌકિક સમ્બન્ધકી ખબર ન હોનેસે બહુત નીચે વિચાર આવેંગે. જૈસે પ્રાણાધાર, આત્માધાર ઈત્યાદિ

પુરૂષોતમભાઈ માં ઔર સબ બાલકોકો આસીસ કહના.

મે. ઈહાં તા.૪/૩/૬૨ તક હું પીછે ચિત્રકુટ જાનેકા વિચાર હે બાદમે કલકતા.

ખુબ મન લગાકર પઢના. નિયમ કરના ઔર ઉતમ વિચાર રખાના. પ્રેમ વિષયસે બહુત દુર હૈ. પ્રેમમે ઉસકી ગંધ ભી નહીં હોતી.

રણછોડદાસકા આસીસ

તા.ક.રામાયણ પાઠ અવશ્ય કરના.

"જાનત પ્રીતિ રીતિ રઘુરાઈ... પપરેંદામાં જીવ - ઈશ્વરનાં અલૌકિક સંબંધ બાદ બાપુજી પોતાનાં ભાવ પ્રમાણે ભગવાનને પત્ર લખતી વખતે બધા સંતાનોનાં પ્રણામ લખતા. મારા નામ આગળ અ.સૌ.નો પ્રયોગ કરતા. તેનાં અનુસંધાનમાં આ પત્ર સાથે બાપુજી પર પણ ભગવાનનો પત્ર આવેલો. આમ તો પત્ર બીજા પાસે લખાયેલ પરંતુ આંતરદેશીય પત્રની બાજુની પટ્ટીમાં સ્વહસ્તે બાપુજીનાં પત્રનાં અનુસંધાનમાં લખેલ કે,

રમાકો આસીસ, અ.સૌ.કા પ્રયોગ તુમારે પત્રોમે ન આના ચાહિયે કારણ યહ તો હે હી કોઈ આજકા તો નહી હે. કારણ પત્ર કોઈ પઢે તો કુતુહલમેં પડ જાવે ઔર લડકિયાં રમાકો લિખનાં પુછના પ્રારંભ કર દે તો રમાકો મુંઝામણ ઉપસ્થિત હોવે. ઈસ કારણ અ.સૌ.પ્રયોગ ન કરે."

રણછોડદાસકા આસીસ

નિજ ભ્રમ નહિં સમુઝહિં અજ્ઞાની, પ્રભુ પર મોહ ધરહિં જડ પ્રાની.

તા.૨૬મીના આ પત્ર આવ્યો, તેનો જવાબ ભગવાનને પત્ર મળે કે નહીં તે વિચારથી આપેલો નહી. મેં સંસ્કૃત શીખવાનું ભગવાનનાં કહેવાથી ચાલુ કરેલું. ગૃહકાર્ય તેમ જ નિત્ય નિયમમાંથી સંસ્કૃતના રૂપ, નિયમો ગોખવાનો સમય મળતો નહિ. ધીરે ધીરે કંટાળાથી **(અપૂર્ણ)**

# ૠગ્વેદ અનુસાર ખેતરમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ ?




ભારત દેશમાં પશુ,પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે ાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મીમ માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડા અને બહુચરા માતા માટે મગર છે. રામ ભગવાન પણ પશુ-પક્ષીઓને ખુબ આદર આપતા હતા.

ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ પશુ, પક્ષીઓને અનેરૂં સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં પ્રાચીન વેદ ૠગ્વેદમાં જમીનમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ છે તે દર્શાવ્યું છે. ૠગ્વેદમાં કહેવાયું છે કે તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લણ્યા પછીનો ભાગ પશુ માટે, તૈયારઅનાજની પહેલી ઢુંડી અગ્નિ માટે,પહેલી એક મુટ્ઠી પંખીઓ માટે, અનાજ દડાવ્યા પછીનો એક મુટ્ઠી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે,પહેલી થાળી વડીલો માટે, પછીની થાળી પોતાના માટે અને છેલ્લી રોટલી કુતરા માટે રાખવી જોઈએ.

– મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# 'યુવાનીના ઉંબરે ઉભેલ દીકરીને' કહી શકાય તો...?

## અનુભૂતિનાં અક્ષરો



- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ

યુવાનીના ઉંબરે પહોંચવા જઈ રહેલી એક દીકરીને તેની માતાએ લખેલો એક પત્ર જે કદાચ દરેક દીકરીને આપણે કહી શકીએ તો કહેવા જેવું.

હાય બેટા, મારી નાનકડી ઢીંગાલી આમ તો, તું હજી માત્ર દસ-બાર વર્ષની થઈ છે. અને આમ જોઉ તો લાગે કે, તું કેટલી મોટી થઈ ગઈ ! આમ તો હજી કાલ તારા અમારા આંગણમાં પગરવ થયા હતા. ને આજ તું આટલી મોટી થઈ ગઈ માન્યામાં જ નથી આવતું. જોકે, આમ તો હજી તું યુવાનીના ઉંબરે નથી પહોંચી પણ, ઉંબરાની દિશા તરફ આગળ વધી રહી છે. ત્યારે તારી ચિંતા મારી તારા માટેની અસલામતી ડર, કેટ કેટલી વાતોનાં વિચાર આવે છે.

તારા બદલાતા વર્તનને હું અનુભવી શકું છું. હું જાણું જ છું કે, આ સાહજીક છે. જેમાંથી દરેક દીકરી પસાર થાય જ છે. અને હું એ પણ જાણું છું કે, તુ પોતે પણ કદાચ તારા બદલાતા વર્તનને નહી સમજી શકતી હોય, પણ કંઈ નહી બેટા બસ એટલું સમજ કે આ તારી બાળકીથી કિશોરી બનવા તરફથી પ્રક્રિયા છે. જે તને તારી યુવાની તરફ ધકેલશે. અને એ સફરમાં જીવનનાં મહત્વના ફેરફાર થતા હોય છે. બસ.

તેથી જ આજે એક માં અંતરથી માત્ર અપીલ કરે છે. મોટી થતી દીકરીને "જો બેટા, મારે તને કોઈ સલાહો નથી દેવી કે, આમ ન કરતી કે, આવું ન કરાય. બસ આપવી છે તો માત્ર અનુભવોના આધારે મારા જીવનનાં મહત્વનાં નિર્ણય કરવામાં મને ખપ લાગેલી સમજણ બસ માત્ર તારી સાથે વહેંચવી છે. કદાચ તને તારા જીવનમાં કયાંક કામ આવશે. એવી આશા સાથે"

જો બેટા,

"કુવો છે ખબર તો, અંદર જઈને પાકું ન કરાય. કેમ કે અંદર જઈએ તો ડુબીએ જ પછી નસીબને દોષ દેવો એ મુર્ખામી ગણાય.

માટે બેટા, જીવનનાં કપરા રસ્તે નિર્ણય લેવામાં તારી સમજદારી નો ઉપયોગ કરજે.

તારી સંવેદનાઓ ખુબ મહત્વની છે પણ એને તારી સમજણ પર હાવી ન થવા દેતી તારી સીમાઓ તું જાતે નકકી કરજે, અને એ સીમાઓથી કદી નીચેનાં ઉતરતી બેટા, ઉમરનાં આ પડાવે તારામાં ધણા ફેરફારો થશે એ હું જાણું છું. મનનાં એક ખુણે વિજાતીય સ્પંદનો પણ ખીલશે. કોઈ પુરૂષ પાત્ર તરફ તારૂં મન ઢળશે આ બધું સાહજીદ છે પણ આ લાગણીનાં વમળમાં તું ડુબી ન જતી. 'અંગનાં આકર્ષણથી તું કયારેય પ્રેમને ના ઓળખતી. મોંઘી લાઈફ સ્ટાઈલના મોં થી કોઈને મુલાવતી નહી. તારૂં વ્યકિતત્વ ધારદારને લીસ્સુ રાખજે. તારા વ્યકિતત્વને તું કોઈનું મોહતાજ ના બનવા દેતી. તારી સુંદરતા એ તારી પોતાની છે એને કોઈની પ્રશંસાના આધારથી ના મુલવતી. તારા સંસ્કારોને સમજણ તારા જીવનની સૌથી મોટી મુડી છે. એને કયારેય તુ કોઈની કાજે ભુલી ન જતી. અને સ્પર્શની સીમાઓને તોડીને મળે એવા પ્રેમની કયારેય પરવાનાં કરતી. અને એવા કોઈને પણ તારા અંતરને અડકવા ના દેતી તારા નિર્ણયો તારા પોતાનાં રાખજે કોઈ બીજાનાં હાથમાં તારા જીવનને નકકી કરવાનું કયારેય પરવાનાં કરતી. અને એવા કોઈને પણ તારા અંતરને અડકવા ના દેતી. તારા નિર્ણયો તારા પોતાનાં રાખજે કોઈ બીજાનાં હાથમાં તારા જીવનને નકકી કરવાનું હક ના દેતી.

સામાજિક, આર્થિક કે માનસિક દરેક રસ્તે કેટકેટલી ચડતી ને પડતી આવશે. તો સમજણથી જીવતી રહેજે. અને કયારેય હારીને પાછીના પડતી નિષ્ફળતાને એક અનુભવ બનાવી સફળના થાય તો ડરતી નથી.

પણ નિષ્ફળતાને શીખ બનાવી જીવનમાં આગળ વધશે. અને બીજું બેટા જો તારી સફળતામાં અમારી તાળીઓ છે. તો તારી નિષ્ફળ તા પણ અમે પુરા મનથી સ્વીકારીશું ચાહે ગમે તે રસ્તે તુ નિષ્ફળ થાય. બિન્દાસ કહી દેજે. કહેવાથી ડરતી નથી. તરત ચારિત્રને તો સાચવજે તારા કર્મોથી સપાનાઓ તુ જાતે પુરા કરજે.

કોઈનાં સપના પુરા કરવા કયારેય તું મરતી નહિ બેટા તારા નિર્ણયો લેવાનાં તારે જ છે. તારા જીવનનાં રસ્તે ચાલવું તો તારે જ પડશે.

બસ કયાંક કુદરતનું ધારેલું થાય છે. અને જો એ કંઈક અણગમતું હોય તો એને આખું જીવન ન બનાવી લેતી, જીવનનો એક નબળો ભાગ ગણી નવા રસ્તે તું આગળ વધજે સ્વીકાર કરી તને હૈયામાં સમાવી લઈશું આજકાલ વર્ચ્યુઅલિટીનું વિશ્વ બન્યુ છે.

એટલે ધ્યાન રાખજે કોઈની વર્ચ્યુઅલ ઈમેજ થી કે વાતોથી તુ અજાઈ ન જતી કારણ કે વર્ચ્યુઅલ વિશ્વ અને રીયલ વિશ્વમાં ધણો ફરક હોય છે. બસ, બેટા, તારી આર્થિક, માનસિક એન ભાવનાત્મક સ્વતંત્રતા એ તારો આગવો અધિકાર છે. એને કયારેય કોઈ બીજાનાં હાથમાં ના સોંપીશ.

કયારેય તારી આર્થિક, સ્વતંત્રતાને તો નહીં જ છોડતી. ઘર, પરિવાર, ઈજજત, સમાજ કે સંસ્કારો ના નામે મારે તને કોઈ જ બંધનો નથી. આપવા કેમ કે અમને તારી સમજ અને સંસ્કાર પર સંપુર્ણ ભરોસો છે. માટે તારા જીવનનાં દરેક નિર્ણયો પુર્ણત: તારો જ અધિકાર હોય, એ અધિકાર માટે નથી. છીનવવો, પણ એટલું સમજાવું છે કે અધિકારોની સાથે જવાબદારી પણ જોડાય છે.

એટલે એ જવાબદારી પણ સ્વીકારવી જ પડે એ માત્ર સમજ આપવી છે અને અમને આશા છે કે અમારી દીકરી એના અધિકારોને પુરી જવાબદારી સાથે સમજીને ભોગવશે. કેમ કે, બેટા આજ ઉમરે જીવની 'દિશાને દશા' બન્ને નકકી થતા હોય છે. એટલે તારા જીવનની 'દિશાને દશા' તું તારી જાતે સમજીને જવાબદારી પુર્વક નકકી કરીશ. એનો અમને વિશ્વાસ છે.

બદલાતા સમયમાં રોજબરોજની દીકરીઓ સાથે બનતી કેટલી હચમચાવી દેનારી ઘટનાઓ કે પ્રસંગોથી બેચેન રહેતી દરેક દીકરીની માતામાની જ એવી એક ચિંતિત અને બેચેન માતાએ કહેલી.

મોટી થતી દીકરીને
વ્હાલ સાથેની વાત.

"વાંચજે વિચારજે ને યોગ્ય લાગે ત્યાં અપનાવજે મને અનુભવે મળેલી સમજણ તારા જીવનમાં" તારી "માં" અને "મિત્ર"

# બગસરા ખાતે પોલીસ પરિવાર દ્વારા તિરંગાયાત્રા યોજાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરાપોલીસ દ્વારા પોલીસ પરેડ તિરંગા યાત્રાનું આયોજન કરાયું. એસપી હિમકરસિંહની સૂચનાથી મારી માટી મારો દેશ અભિયાન કાર્યક્રમ અંતર્ગત જેમાં બગસરા પોલીસ સ્ટેશનનાં આ તિરંગા યાત્રાનું આયોજન કરાયું. પી.આઈ. ગીડા મેડમ તથા પોલીસ સ્ટાફ હોમગાર્ડ, કમાન્ડર તુષારભાઈ હોમગાર્ડ જવાનો, જીઆરડી જવાનો દ્વારા સમગ્ર બગસરામાં અલગ અલગ વિસ્તારમાં જેવા કે હોસ્પિટલ રોડ, બાલમંદિર ચોક, માર્કેટ નદીપરા સહિતનાં વિસ્તારોમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી તેમજ વીર શહીદ ભાવેશ રાખસીયાનાં સ્ટેચ્યુને સલામી આપી પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું પ્રમુખ હવે ભગીરથભાઈ ત્રિવેદી છે

ભેગા થઈને જિલ્લાનાં વેપારીનું હિત કેમ થાય તે બાબતે ચાર્ચા કરીએ, એમને પડતી મુશ્કેલીઓ કેવી રીતે હલ કરી શકીએ તેની પણ ચર્ચા કરીએ. પરંતુ ઘણા વર્ષોથી એમણે કોઈ વાત ધ્યાને લીધેલ નથી. પછી જિલ્લાનાં દરેક તાલુકાને હકીકતની જાણ થઈ કે ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ ચતુરભાઈના પ્રમુખ સ્થાનેથી કોઈ કાર્યો થયા નથી એટલે હવે નવી યુવા ટીમની જિલ્લાનાં વેપારીને જરૂર છે. તો તા. ૪/૭/૨૩નાં રોજ સુર્યા ગાર્ડન ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તાલુકાનાં પ્રમુખની સહમતીથી યુવાન અને ઉત્સાહી પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીને તાલુકાના પ્રમુખની સહમતીથી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખની જવાબદારી સોંપી છે અને તમામ તાલુકાનાં પ્રમુખ તન, મન અને ધનથી તેમની સાથે છીએ. તો મહેરબાની કરીને આ યુવા ટીમને ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પૂર્વ હોદેદારોને સાથ આપવાની ભાવના રાખવી જોઈએ અને હાલ ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનું જે નવું માળખું તૈયાર છે એ જ સાચું છે. તથી વેપારીને કોઈએ ખોટા ગેરમાર્ગે દોરવાની જરૂર નથી. એવી વડિયા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મિતુલભાઈ ગણાત્રાની યાદીમાં જણાવાયું છે.

## પાના ૮ ઉપરનું ચાલું ચતુરભાઈ અકબરીએ રાજીનામું આપેલ નથી

ટીમ જાહેર કરેલ છે. જેમાં ડીસ્ટ્રીક ચેમ્બર્સનાં કારોબારી સભ્યો તથા સામાન્ય સભ્યોને બોલાવેલ નથી. તેમને વિશ્વાસમાં લીધેલ નથી જેથી કારોબારી સભ્યો નારાજ છે અને હજુ ચતુરભાઈ અકબરીએ પ્રમુખ તરીકે રાજીનામું આપેલ નથી અને વેપારીનાં પ્રશ્નોને વાચા આપવાનું કામ ચાલું છે. અને અગાઉ પણ ખૂબ જ કામગીરી કરેલ છે જેના જિલ્લાનાં તમામ વેપારીઓ માહિતગાર છે. અને આ વાતની જિલ્લાનાં તમામ વેપારીઓ નોંધ લે અને વેપારીના પ્રશ્નો રજૂ કરે જેમાં ૧૦૦% અમારો સહયોગ રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં પાલિકા દ્વારા આજથી

વેકરીયા, અતિથિ વિશેષ સાંસદ નારણભાઈ કાછડીયા, ભાજપ અગ્રણી અને અમર ડેરી વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં યોજવાનું નગરપાલિકા પ્રમુખ, કારોબારી ચેરમેન સુરેશભાઈ સેખવા, ઉપપ્રમુખ રમાબેન મહેતા, ચિફ ઓફિસર એચ.કે. પટેલની યાદીમાં જણાવવામાં આવેલ હતું. આ ત્રિવિધ કાર્યક્રમમાં સમસ્ત નગરજનોએ દેશભકિત ઉજાગર કરવા ખાસ ઉપસ્થિત રહેવા આહવાન કરવામાં આવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું પીએસઆઈ જુગાર રમતા ઝડપાયા

પીએસઆઈ જુગારધામમાં પોતાનો નસીબ અજમાવવા ગયા હતા. પરંતુ કમનસીબે ગઈકાલે જુનાગઢ એલસીબીની ટીમે પદરિયા ગામ ખાતે આવેલા જુગારધામમાં દરોડો પાડયો હતો. જેના પગલે જુગારીઓમાં નાસભાગ મચી હતી. આ દરમિયાન પીએસઆઈ પણ જુગાર રમતા રંગેહાથ એલસીબીની ટીમના હાથે ઝડપાઈ ગયા હતા તેમને પોલીસ સ્ટેશને લાવતા તેઓ પીએસઆઈ તરીકે ગીર સોમનાથ મહિલા સુરક્ષા વિભાગમાં છેલ્લા બે વર્ષથી ફરજ બજાવતા હોવાનું સામે આવ્યું છે.

આ સમગ્ર ઘટનાની જાણ જુનાગઢ પોલીસ ધ્વારા ગીર સોમનાથ પોલીસ વડા મનોહરસિંહ જાડેજાને કરવામાં આવતા ગીર સોમનાથ પોલીસ વડાએ તાત્કાલિક અસરથી મહિલા પીએસઆઈને ફરજ પરથી સસ્પેન્ડ કર્યા હતા. તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા પોલીસ કર્મચારી અને અધિકારીઓ સામે પણ ચિમકી ઉચ્ચારી છે. આગામી દિવસોમાં કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં પકડાશે તો તેની સામે શિક્ષાત્મક પગલાની વાત તેમના ધ્વારા કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા સુત્રાપાડામાં પોલીસ કોન્સ્ટેબલ અને જીઆરડીના જવાનો ધ્વારા ચેકીંગ દરમિયાન દારૂ જથ્થો પકડવામાં આવ્યો હતો અને આ દારૂનો જથ્થો બુટલેગરને વેચી બારોબાર રોકડી કરી લીધી હતી. જે સમગ્ર મામલો પોલીસ વડા સુધી પહોંચ્યો હતો તેમના ધ્વારા આરોપી સામે ગુનો નોંધી આકરા પગલા ભરવામાં આવ્યા હતા. ત્યારે ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક ધ્વારા આકરા પગલા લેવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં માર્કેટયાડમાં

શિંગની આવક હતી. નવી શિંગની ખરીદી વેપારી મારૂતી ટ્રેડીંગા કું એ કરી હતી. જેનો ભાવ રૂા.૮૦૦ પ્રતિ મણનાં રહેવા પામેલ હતો. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવી શિંગની આવક શરૂ થઈ ગયેલ છે. અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબારયાદીમાં જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાની એક શાળાનાં

સ્થળે અત્યારે શોપિંગ સેન્ટર ઉભું છે. આ રાજ એકેડમી પ્રાથમિક શાળાના બાળકો રિક્ષામાં ભરીને ત્યાંથી ત્રણ કિ.મી. દૂર ભુવા રોડ ઉપર ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળામાં ત્યાનાં વિદ્યાર્થીઓ સાથે બેસાડવામાં આવે છે અને ધોરણ એકથી આઠ વચ્ચે બે શિક્ષક જ છે. બીજી મનીષા ઈંગ્લિશ સ્કૂલ શિવાજી નગર સાવરકુંડલા ખરેખર તો નામ ઈંગ્લિશ સ્કૂલ છે પરંતુ ગુજરાતી માધ્યમની આ શાળા છે. આ શાળામાં રજીસ્ટર ઉપર ૧૫ વિદ્યાર્થીઓ છે જે તમામ આરટીઈ અંતર્ગત ફાળવેલા છે અને હાલ ૧૫માંથી ૧૨ વિદ્યાર્થીને વાલીઓ તો પોતાના બાળકોના અભ્યાસને ધ્યાન રાખી સનરાઈઝ સ્કૂલમાં અભ્યાસ માટે મોકલે છે. ત્યારે આ શાળામાં હાજર તો ફકત ત્રણ વિદ્યાર્થીઓ જ હોય છે જે પણ એક ઓરડામાં ભણે અને બાજુના ઓરડામાં શાળા સંચાલકનો બેડરૂમ અને રસોડું છે જયાં એની દરરોજની ક્રિયાઓ ચાલું હોય. આવી સ્કૂલ તમે કયાંય નહીં જોઈ હોય. ત્રીજી શાળા છે ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા આ શાળામાં ઓછી સંખ્યાને કારણે રાજ એકેડમી શાળા મણીનગર જે અહીથી ત્રણેક કિલોમીટર દૂર છે તેના વિદ્યાર્થીઓને ઓટો રીક્ષા ધ્વારા દરરોજ આ શાળામાં લાવવામાં આવે છે અને બંને શાળાના ધોરણ ૧ થી ધોરણ ૮નાં વિદ્યાર્થીઓને ત્રણ વર્ગમાં વહેંચી ત્રણ શિક્ષિકાઓ જે પણ બિન તાલીમી છે તે અભ્યાસ કરાવે છે. આ શાળાનું બિલ્ડીંગ ખંઢેર હાલતમાં ખખડધજ નળીયાવાળુ છે. જોખમી પણ છે અને ઘણા વર્ષો જુનું છે આવો સ્પષ્ટ અભિપ્રાય સાવરકુંડલા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને આજથી ૨૫ દિવસ પહેલા લેખિતઆપેલ છે અને ત્યાં જિલ્લા કચેરીએ રૂબરૂ રજૂઆત પણ કરેલ છે કે કોઈપણ સંજોગોમાં આ ત્રણેય શાળાઓ એક દિવસ પણ ચાલું રાખવી બાળકોના શૈક્ષણિક ભવિષ્યને ધ્યાનમાં લઈ હિતાવહ નથી. છતાં ખબર નહીં કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કોની શેહ શરમ રાખીને આ ગરીબ બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરી રહ્યાં છે.

પોતાના જ નીચેના અધિકારી જે ગ્રાઉન્ડ લેવલે કામ કરે છે તે સ્થળ તપાસ કરી સ્પષ્ટ શબ્દોમાં જયારે અભિપ્રાય આપે છે છતાં ફેર તપાસનું ડિંડક લાવીને ત્રણ તાલુકા પ્રાથમિક શિક્ષક અધિકારીની કમિટી નવી બનાવીને હવે એ રિપોર્ટ આવશે એ ફેર તપાસ કરશે પછી પગલાં લેવા છે. હવે આટલી ઓછી સંખ્યા હોવા છતાં સંચાલકો આરટીઈ અંતર્ગત સરકાર તરફથી મળતી હજારો રૂપિયાની ગ્રાન્ટ સીધે સીધી ચાંઉ કરી જવા પોતાની શાળા ચાલું રાખવા ઉંધા માથે થયા છે અને આ શાળાઓ સાથે સંકળાયેલા સ્થાનિક જે સત્તાધારી પક્ષના શહેર કક્ષાએ વિવિધ હોદાઓ ધરાવતા જે કાર્યકરો પોતાને આગેવાનો માને છે. તે જિલ્લાની કચેરીએ રૂબરૂ જઈ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપર રોફ જમાવી દબાણો ઉભા કરે છે એટલે કાંઈ પણ પગલાં લેતા આ અધિકારીઓ ડેર છે. હવે જે પક્ષ શહેર, રાજય અને કેન્દ્ર કક્ષાએ સત્તા ઉપર સરકાર છે તેમની કાર્યકરોની આવી સંકીર્ણ મનોવૃત્તિ હોય તો આપણા નખશિખ પ્રમાણિક વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાખ લાખ પ્રયત્નો કરે પણ શું ફેરફાર કરી શકે. કેન્દ્ર સરકાર આરટીઈ અંતર્ગત જે ગરીબ બાળકો છે તે સારામાં સારી પ્રાઈવેટ શાળામાં ભણી શકે, રિક્ષાવાળા કે લારીવાળાના બાળકો મર્સિડીઝ કાર કે કાપડ, મિલ કે ફેકટરીઓના માલિકના બાળકો સાથે સમોવડીયા થઈને ભણી શકે તે માટે શાળાઓને ડાયરકેટ બેન્ક એકાઉન્ટમાં તેની આખા વર્ષની ફી જમા સરકાર કરાવી આપે છે. પણ અહિ તો આ હેતુ સફળ થતો દેખાતો નથી. હજી અમરેલી કલેકટર, અમરેલી ડીડીઓ સુધી આ પ્રકરણ નહીં પહોંચ્યું હોય તેવું લાગી રહ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું સર્વમાન્ય પ્રમુખ ભગીરથ ત્રિવેદી છે

, ધારી વેપારી મહામંડળ, સાવરકુંડલા વેપારી મહામંડળ અમરેલી શહેરનાં અગ્રણી વેપારીની હાજરીમાં અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તરીકે ભગીરથભાઈ ત્રિવેદીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. અને હવે ચતુરભાઈ અકબરી પૂર્વ પ્રમુખ હોવા છતાં પોતાને હજુ પ્રમુખ ગણે છે. જે કેટલા અંશે વ્યાજબી કહેવાય... જિલ્લાની એક પણ ચેમ્બર એમની સાથે નથી... અમે બધા જ પ્રમુખો જિલ્લાના અમે બનાવેલ પ્રમુખ ભગીરથ ત્રિવેદીની સાથે છીએ... આમ છતાં ચતુરભાઈ અકબરી પોતાની જાતને પ્રમુખ સમજે છે ડીસ્ટ્રીક ચેમ્બર્સનાં નામે ખોટે ખોટી પ્રેસનોટ આપે છે. કોઈ મીટીંગ મળી જ નથી. અને જે મીટીંગ કરી હતી તે પોતાના અંગત સ્વાર્થ અને હોદ્દાનાં મોહ માટેની મીટીંગ મળી હતી. અને આ મીટીંગને અન્ય અભિયાન માટે બતાવે છે. અભિયાન કોઈપણ હોય જનતાલક્ષી કે વિકાસલક્ષી વેપારી કે ચેમ્બર્સ હંમેશા સાથે જ હોય પણ વાસ્તવિકતા જુદી છે. ચતુરભાઈ તમે ૧૫ વર્ષમાં શુ કર્યુ. એમનું આપે આત્મમંથન કરવું જોઈએ. અને તેમની સાથે જે લોકો છે એ આજે ૧૫–૧૫ વર્ષથી બેઠા હતા. અમરેલી જિલ્લાનાં એકપણ ચેમ્બર્સનાં પ્રમુખને કયારેય પણ મીટીંગમાં બોલાવતા ન હતા. પોતાની ઈચ્છા મુજબનાં નિર્ણય કરતા હતા. અને દુકાનમાં બેઠા બેઠા બધાને હોદ્દા આપતા હતા. ગમે ત્યારે ગમે એને લઈ લેવાના ગમે ત્યારે ગમે એને કાઢી નાખવાના આવી મનસૂફી ભર્યા નિર્ણયોને કારણે અવારનવાર અમે લોકોએ ચતુરભાઈને રજૂઆત કરી આમ છતાં તેઓ અમૂક આગેવાનોને ફોનમાં મન ફાવે એવા જવાબ તુકારાહુકારા, ધમકી તમને જોઈ લઈશ... અમારે તમને પૂછીને કાંઈ ન કરવાનું હોય અમે જે કરી એ ફાઈનલ હોય. આવા જવાબો અમને મળતા હતા. ત્યારબાદ અમે લોકોએ ગત તા. ૪/૭/૨૦૨૩નાં રોજ નવી ટીમ નક્કી કરેલ હતી.

એમને પણ ફોન કરીને બોલાવેલ હતા. પણ એ લોકો આવ્યા નહીં ચાર કલાક અમને બેસાડી રાખ્યા આમ છતાં ચતુરભાઈ કે કોઈ એમનાં પ્રતિનિધિ આવ્યાં નહીં... હવે પોતે પ્રમુખ હોય એવું વર્તન કરવું જોઈએ નહીં... અને ચતુરભાઈ આપે આત્મમંથન કરવું જોઈએ... અને નવી ટીમ નવા વેપારીઓને સહકાર આપવો જોઈએ. અને જિલ્લાની તમામ ચેમ્બરો આપની સાથે પણ નથી.. અને અમે કોઈએ કોઈપણ પ્રકારની મીટીંગ કરેલી નથી તેની અમે સ્પષ્ટતા કરીએ છીએ અને અમને કોઈપણ પ્રકારની મીટીંગની જાણ પણ આપે કરેલ નથી. અંગત સ્વાર્થ માટે વેપારીઓને બદનામ કરવાનું બંધ કરો તો સારી વાત છે. તેમ અંતમાં જણાવેલ છે.

## અવસાન નોંધ

**કોડીનાર :** કોડિનાર પીપળી ગામવાળા છારિયા ઉનેવાળ બ્રાહ્મણ વિનોદરાય જટાશંકર પંડયાનાં પુત્ર વિશાલભાઈ(ઉ.વ.૪૪) તે યજ્ઞેશભાઈ, પરાગભાઈ(ઉના)નાં મોટાભાઈ તેમજ પાર્થ અને શ્યામનાં પિતા તથા ભરતભાઈ અંબાલાલ જાની(અમરેલી)નાં જમાઈનું તા. ૧૦ નાં રોજ દુ:ખદ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા. ૧૪ ને સોમવારનાં રોજ સાંજનાં ૪ થી ૬ કલાકે કોમ્યુનિટી હોલ મુ. પીપળી તા. કોડીનાર મૂકામે રાખેલ છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત

॥ ધ્વજવંદન નિમંત્રણ ॥

૭૭ માં સ્વાતંત્ર્ય દિન નિમિતે આયોજિત ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમા ધ્વજવંદન બાદ સંસ્થાની વિદ્યાર્થીનીઓ દ્વારા **એક સૂર એક તાલ નો** કાર્યક્રમ રજૂ થશે. સંસ્થાનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટસ, પેરન્ટસ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

:: ધ્વજ વંદન :: માનનીયશ્રી નારણભાઈ કાછડીયા (સાંસદશ્રી, અમરેલી)

:: અધ્યક્ષ સ્થાન :: માનનીયશ્રી રેખાબેન મોવલીયા (પ્રમુખશ્રી, જીલ્લા પંચાયત, અમરેલી)

:: રાજસ્વી ગૌરવ ::

શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા – કેન્દ્રીય મંત્રીશ્રી
શ્રી દિલિપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી, ઈફકો
શ્રી કૌશિકભાઈ વેકરીયા – ના. ઉપદંડકશ્રી
શ્રી પરેશભાઈ ધાનાણી – પૂર્વ નેતાશ્રી વિપક્ષ
શ્રી જનકભાઈ તળાવીયા – ધારાસભ્યશ્રી
શ્રી વિરજીભાઈ ઠુંમર – પૂર્વ સાંસદશ્રી
શ્રી મહેશભાઈ કસવાળા – ધારાસભ્યશ્રી
શ્રી બાવકુભાઈ ઉંધાડ – પૂર્વ મંત્રીશ્રી
શ્રી જે. વી. કાકડીયા – ધારાસભ્યશ્રી
શ્રી પ્રતાપભાઈ દુધાત – પૂર્વ ધારાસભ્યશ્રી
શ્રી હિરાભાઈ સોલંકી – ધારાસભ્યશ્રી
શ્રી અમરીશભાઈ ડેર – પૂર્વ ધારાસભ્યશ્રી
શ્રી મનીષાબેન રામાણી – પ્રમુખ ન.પાલિકા
શ્રી પ્રજ્ઞાબેન સાવલીયા – પ્રમુખ તા.પંચાયત

તા. ૧૫/૦૮/૨૦૨૩ ને મંગળવાર, સવારે ૦૯:૧૫ કલાકે.
શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત સંચાલિત
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ
ચક્કરગઢ રોડ, અમરેલી. ફોન.–(૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬
ફેક્સ:(૦૨૭૯૨)૨૩૨૩૨૭ www.lptshgsankulamreli.org

:: નિમંત્રક ::

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત
શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ઠુમ્મર – પ્રમુખશ્રી
શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી
શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી
શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી

Ad 058


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૫૫૮ |
| ૨ | શિંગ મોટી | ૧૨૫૦ | ૧૭૦૦ |
| ૩ | શિંગ મોટી નવી | ૮૦૦ | ૮૦૦ |
| ૪ | શિંગદાણા | ૧૮૦૦ | ૨૦૮૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૦૦ | ૩૪૦૧ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૩૩૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૩૪૭૫ | ૩૪૭૫ |
| ૯ | બાજરો | ૩૫૧ | ૪૪૧ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૮૫૧ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૪૩૪ | ૫૪૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૯૮ | ૫૨૭ |
| ૧૩ | ચણા | ૬૫૫ | ૧૦૫૧ |
| ૧૪ | તુવેર | ૯૦૦ | ૧૮૬૨ |
| ૧૫ | કપાસ | ૧૧૦૦ | ૧૬૩૭ |
| ૧૬ | એરંડા | ૧૧૧૬ | ૧૨૧૦ |
| ૧૭ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૮ | ગમ ગુવાર | ૧૧૬૨ | ૧૧૯૫ |
| ૧૯ | ધાણા | ૧૦૩૦ | ૧૩૪૮ |
| ૨૦ | અજમા | ૧૧૧૧ | ૨૬૫૦ |
| ૨૧ | મેથી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૨૨ | સોયાબીન | ૮૯૫ | ૯૨૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૪૧૪ |
| ૨ | શીંગ મોટી | ૧૫૫૧ | ૧૭૨૧ |
| ૩ | શીંગદાણા | – | ૧૫૭૫ |
| ૪ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૪૬૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૮૦ |
| ૬ | કપાસ | ૧૧૧૦ | ૧૬૨૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૫૦ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૪૪૧ |
| ૯ | ચણા | ૯૮૦ | ૧૧૦૦ |
| ૧૦ | એરંડી | ૯૦૦ | – |
| ૧૧ | સોયાબીન | – | ૯૨૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૫ | ૧૬૩૮ |
| ૨ | ઘઉં | ૪૩૦ | ૫૦૪ |
| ૩ | ચણા | ૯૨૫ | ૯૮૫ |


શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા

॥ ધ્વજ વંદન નિમંત્રણ ॥

છઠ્ઠમાં સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે. ધ્વજવંદન બાદ સંસ્થાના સ્ટુડન્ટસ્ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ થશે. સંસ્થાના પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટસ્, પેરન્ટસ્ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

ધ્વજવંદન: માન.શ્રી દિલીપભાઈ સંઘાણી (ચેરમેનશ્રી ઈફકો, ગુજકોમાસોલ)

અધ્યક્ષ સ્થાન: માન.શ્રી કેતનભાઈ પટેલ (રીટાયર્ડ ડેપ્યુટી પોલીસ કમિશ્નરશ્રી-સુરત)

રાજવી ગૌરવ

શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા - માન.કેન્દ્રીય મંત્રીશ્રી
શ્રી નારણભાઈ કાછડીયા - માન.સાંસદશ્રી
શ્રી કૌશિકભાઈ વેકરીયા - માન.ઉપદંડકશ્રી વિધાનસભા
શ્રી રેખાબેન મોવલીયા - પ્રમુખ, જિલ્લા પંચાયત
શ્રી જનકભાઈ તળાવીયા - માન.ધારાસભ્યશ્રી
શ્રી મહેશભાઈ કસવાળા - માન.ધારાસભ્યશ્રી
શ્રી જે.વી. કાકડીયા - માન.ધારાસભ્યશ્રી
શ્રી હિરાભાઈ સોલંકી - માન.ધારાસભ્યશ્રી
શ્રી પરેશભાઈ ધાનાણી - પૂર્વ ધારાસભ્યશ્રી
શ્રી અમરીશભાઈ ડેર - પૂર્વ ધારાસભ્યશ્રી
શ્રી વિરજીભાઈ ઠુમ્મર - પૂર્વ ધારાસભ્યશ્રી
શ્રી પ્રતાપભાઈ દુધાત - પૂર્વ ધારાસભ્યશ્રી
શ્રી મનીષાબેન રામાણી - પ્રમુખ, નગરપાલિકા
શ્રી પ્રજ્ઞાબેન સાવલીયા - પ્રમુખ, તાલુકા પંચાયત
શ્રી રાજેશભાઈ કાબરીયા - પ્રમુખ, જિલ્લા ભાજપ
શ્રી ડી.કે. રૈયાણી - પ્રમુખ, જિલ્લા કોંગ્રેસ

તા.૧૫-૦૮-૨૦૨૩ ને મંગળવાર, સવારે ૮:૦૦ કલાકે
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા
શ્રીમતી એસ.એચ. ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ ગ્રાઉન્ડ, ગેટ નં.-૧, વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી.

નિમંત્રક
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા
શ્રી વસંતભાઈ ગજેરા - પ્રમુખશ્રી
શ્રી હેમેન્દ્રભાઈ મહેતા - ઉપપ્રમુખશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા - ઉપપ્રમુખશ્રી
ડો. જયસુખભાઈ જસાણી - મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
શ્રી કિશોરભાઈ મહેતા - મંત્રી-વ-ટ્રસ્ટીશ્રી
શ્રી ટીંબાભાઈ જોધાણી - મંત્રી-વ-ટ્રસ્ટીશ્રી
શ્રી ચતુરભાઈ ખુંટ - મંત્રી-વ-ટ્રસ્ટીશ્રી
શ્રી મનસુખભાઈ ધાનાણી - મંત્રી-વ-ટ્રસ્ટીશ્રી


# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી



શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત શ્રી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે પૂજય રતિદાદાનાં આશીર્વાદથી વિશ્વ સિંહ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એશીયાઈ સિંહનાં સંરક્ષણને લગતા નારાઓ બોલી સિંહ સંરક્ષણનો સંકલ્પ લીધો હતો. ત્યારબાદ શાળાનાં ભાઈઓ તથા બહેનો દ્વારા આજુબાજુનાં સિંહનાં મોરા પહેરી રેલી કાઢવામાં આવી હતી. શાળા ડાયરેકટર મહેશભાઈ મહેતા દ્વારા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને ગુજરાતનાં ગૌરવ સમાન એશીયાઈ સિંહોનાં ભવિષ્ય અને તેનાં રક્ષણ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે ખૂબ જહેમત ઉઠાવી હતી.

# લીલીયા મોટા પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો.ઓ. દ્વારા દિલીપ સંઘાણીનાં ૭૦ માં વર્ષની ઉજવણીનાં ભાગરૂપે શૈક્ષણિક કીટ વિતરણ



લીલીયા મોટા શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો.ઓ.સો.લી. લીલીયામોટા દ્વારા સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં વર્ષની ઉજવણીનાં ભાગરૂપે લીલીયા તાલુકાની બાલવાટિકાઓ તેમજ પ્રાથમિક શાળાઓનાં ધો.૧ થી ૪ નાં ૨૬૦૦ જેટલા બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરવાનાં ભાગરૂપે આજરોજ લીલીયા પ્રાથમિક કુમાર અને કન્યા શાળા, ગોઢાવદર, સલડી અને પુતળીયા શાળાઓમાં કરવામાં આવેલ તેમજ આવતા દિવસોમાં તાલુકાની તમામ બાલવાટિકા તેમજ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૪ નાં ભુલકાઓને કીટ વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડીટ કો.ઓ.સો.લી.નાં ચેરમેન ભાવેશભાઈ રાદડીયા, વા.ચેરમેન પ્રકાશભાઈ વિરાણી, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલભાઈ દુધાત, જીલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, તાલુકા પંચાયતનાં સદસ્ય ઘનશ્યામભાઈ મેઘાણી, રાશીભાઈ ડેર, સરપંચ જીવનભાઈ વોરા, આનંદભાઈ ધાનાણી, સંસ્થાનાં ડિરેકટર ભુપતભાઈ ધામત, તુષારભાઈ ધોરજીયા, ભરતભાઈ ગરણીયા, રમેશભાઈ ભાલાળા, ડો. કુંભાણી, ઘનશ્યામભાઈ હિરપરા, ત્રિકમભાઈ શિંગાળા બાલુભાઈ કિકાણી તથા અગ્રણી આગેવાન હરિભાઈ ધોધા, હસમુખભાઈ હપાણી, કાળુભાઈ ગોર, મધુભાઈ સખીયા, વિજયભાઈ ગજેરા, ગોકળભાઈ હિરપરા, કરમશીભાઈ ભુવા, દેવચંદભાઈ ગજેરા, ધીરૂભાઈ હીરપરા, પ્રાગજીભાઈ ગજેરા, શૈલેષભાઈ ગજેરા, વિજયભાઈ અકબરી, પ્રવિણભાઈ માંદળીયા, જીતુભાઈ માંદળીયા, શાંતીભાઈ દુધાત, સુનિલભાઈ માંદળીયા, ડો. ધાનાણી, શાંતિભાઈ ધાનાણી, કલ્પેશભાઈ માંદળીયા, રાહુલભાઈ રાદડીયા, મેહુલભાઈ ડોબરીયા તથા પત્રકાર અશોકભાઈ વિરાણી, ઈમરાનભાઈ પઠાણ તથા એસએમસીનાં અધ્યક્ષો તથા શાળાનાં સ્ટાફગણ દ્વારા કીટ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ સફળ બનાવવા સંસ્થાનાં મેનેજર ભદ્રેશ રાદડીયા તથા સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવેલ.

### 'મેરી મિટી મેરા દેશ' અંતર્ગત

## અમરેલીની મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

### કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ–અમરેલીમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા 'મેરી મિટ્ટી મેરા દેશ'' આઝાદીકા અમૃત મહોત્સવ નિમિતે સમુહ દીપ પ્રાગટય અને પોલીસ ડિપાર્ટમેન્ટનાં મહિલા અધિકારી અને ફોરેસ્ટ અધિકારીનું સન્માન આ પ્રકારે ત્રિવિધ સમારોહનું આયોજન કરવામાં આવ્યું.



જેમાં કાર્યક્રમનો શુભારંભ સર્વધર્મ સમૂહ પ્રાર્થના દ્વારા થયો. ત્યારબાદ આમંત્રિત મહેમાનોના વરદહસ્તે સામુહિક દીપપ્રાગટય અને એન. એસ.એસ. તથા એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓ દ્વારા તિરંગો લહેરાવવામાં આવ્યો.

ત્યારબાદ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બી.આર.ચુડાસમા સ્વાગત પ્રવચન અને પ્રાસંગિક ઉદબોધનમાં આઝાદીનાં અમૃત મહોત્સવ તથા મારી માટી મારો દેશ, પંચપ્રકલ્પ પ્રતિજ્ઞાની અસરકારક જાણકારી આપી, આપણો સૌ તેમા આપણું શું યોગદાન આપી શકીએ તે દ્રષ્ટાંત સાથે સમજાવી "રાષ્ટ્ર સર્વોપરી" નો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં મહિલા ફોરેસ્ટ આર. એફ.ઓ.જયોતિબેન એસ.ખખ્ખસ, મહિલા કોન્સ્ટેબલ રૂબિનાબેન બ્લોચ, મહિલા પોલીસ સ્ટેશનમાં કાઉન્સેલર શ્રી પારૂલબેન મહિડા, મહિલા કોન્સ્ટેબલ પટોળિયા ગૌરી, સામાજિક કાર્યકર્તા દુધાત દૂધાત દતુબેન ખાસ ઉપસ્થિત રહયા હતા. વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરી રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપનાર આ સર્વે બહેનો આ કોલેજની ભૂતપુર્વ વિદ્યાર્થીનીઓ છે. તેઓનું સંસ્થા દ્વારા સમ્માન કરવામાં આવ્યું હતું. સન્માનિત મહિલા અધિકારીઓએ પોતાના અનુભવો કર્તવ્ય જવાબદારીના સુંદર સંદેશ આપ્યા હતા. ત્યારબાદ પંચપ્રકલ્પ પ્રતિજ્ઞા અને રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર ડો.અરૂણાબેન પટેલ, પ્રા.નયનાબેન જોષી, એન.સી.સી. કેરટેકટ પ્રા. મનિષાબેન સાગઠિયા, ડો.વિલાસબેન સોરઠીયા, પ્રા.કોમલબેન મકવાણા, પ્રા. રિધ્ધિબેન તળાવિયા, પ્રા. સવિતાબેન પરમાર, પ્રા.ચેતનાબેન સાવલિયા, ડો.ગીરીશ વેલિયત, પ્રા.જૈમીનભાઈ જોષી, પ્રા.પાર્થભાઈ કામોઠી, વગેરેએ સમારોહને સફળ બનાવવા ટ્રેનીંગ અને માર્ગદર્શન આપ્યું હતું. સમગગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અને અભારદર્શન પ્રા.ડો.વિલાસબેન સોરઠીયાએ કર્યુ હતું.

સુંદર પ્રતીકાત્મક રંગોળી સમુહ દીપ, માટીનાં કુંભ વગેરેનાં અસરકારક આયોજન દ્વારા સમગ્ર સમારોહને વિશેષ રીતે સફળ બનાવવામાં કોલેજનાં તમામ સ્ટાફમિત્રો, એન.એસ.એસ., એન.સી.સી.સ્પોર્ટસ તથા સાંસ્કૃતિક વિભાગની વિદ્યાર્થીનીઓને વિદ્યાસભાનાં ટ્રસ્ટીઓ તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બી.આર. ચુડાસમા દ્વારા ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ગરિમાપુર્ણ આજનાં સમારોહમાં ઉપસ્થિત રહેનાર આ સંસ્થાની ભૂતપુર્વ વિદ્યાર્થિનીઓ જે હાલમાં સંરક્ષણની ઉચ્ચ જવાબદારીઓ નિષ્ઠાપુર્વક નિભાવી રહી છે. તેઓનો વિશેષ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ગામજનોમાં શોકનો માહોલ

## સરંભડાનાં યુવા શિક્ષક સનતભાઈ સોલંકીનું નિધન થયું

### સદ્‌ગતની પ્રાર્થના સભા યોજાઈ



સરંભડા, તા. ૧૨

શ્રી કે.કે. શાહ જનતા વિદ્યાલય સરંભડામાં છેલ્લા ૨૧ વર્ષથી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા સનતભાઈ સોલંકીનું ટૂંકી બિમારી બાદ દુઃખદ અવસાન થતાં વિદ્યાર્થીઓ અને સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સનતભાઈ સોલંકી નિષ્ઠાવાન અને કર્મયોગી શિક્ષક હતા. તેમનાં નિર્મળ વ્યકિતત્વ અને મિલનસાર સ્વભાવને કારણે વિદ્યાર્થીઓ અને લોકોમાં પ્રિય હતા. તેમના અવસાનથી સરંભડા ગામે એક મૂલ્યનિષ્ઠ શિક્ષક ગુમાવ્યા છે.

તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે આજે શ્રી કે.કે. શાહ જનતા વિદ્યાલય, સરંભડા ખાતે શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરંભડા ગામના આગેવાનો સર્વ દલસુખભાઈ દુધાત, મોટાભાઈ સંવટ, કે.પી. જોષી, દિગંતભાઈ ઉપાધ્યાય, રમણીકભાઈ મોલડીયાએ તેમના કાર્યોની નોંધ લઈને શાબ્દિક શ્રદ્ધાંજલિ આપી હતી. આ શોક સભામાં ગામના આગેવાનો સર્વ કુરજીભાઈ સુરાણી, રવજીભાઈ ગઢીયા, કનુભાઈ સેંજલિયા, વિઠ્ઠલભાઈ ગોંડલિયા, વિનુભાઈ દુધાત, મધુભાઈ હરખાણી, રાજુભાઈ કાછડીયા, મનુભાઈ હરખાણી, વિનુભાઈ દોંગા, દુદા ભગત, હાઈસ્કૂલનાં શિક્ષકો સર્વ આશિષભાઈ ભટ્ટ, જે.કે. સોલંકી, કમલેશભાઈ ભટ્ટ, રણજીતભાઈ રાઠવા, અનિરુદ્ધભાઈ કોટડીયા, સુખલાલ જોટંગીયા, રાઠોડ, પાર્થ સોલંકી તથા તેમનો પરિવાર સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો, મહાનુભાવો, વિદ્યાર્થીઓ તથા સર્વોદય સંસ્થા બાબાપુરનાં સ્ટાફ, પ્રાથમિક શાળા સરંભડાનાં સ્ટાફ સહિત લોકોએ ઉપસ્થિત રહીને શ્રધ્ધાસુમન અર્પિત કર્યા હતા.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### તા.૧૭/૦૮/૨૦૨૩થી નીજ શ્રાવણે નિયમિત વાંચો

## ''આપણા ઋષિઓ''

ધર્મ નિરપેક્ષ રાષ્ટ્રને નામે આપણે આપણા સંતાનોને ધર્મના શિક્ષણથી વંચિત રાખીએ છીએ. પરિણામે આપણે નવી પેઢીને આપણા ધર્મ વિશે નહીંવત જાણકારી છે, આપણને વેદના નામ નથી આવડતા, આપણા ઋષિઓ વિશે કશું જ જાણતા નથી.

ધર્મના મૂળભૂત તત્વોને જાણીએ, આપણા ધાર્મિક સંસ્કૃતિ વારસાને જાણીએ તે માટે એક માધ્યમ છે પ્રચુર માત્રામાં પુસ્તકોની રચના થાય. આ નવા પુસ્તકો નવી પેઢી સુધી પહોંચે તે માટે **શ્રી**



શ્રી જનાર્દનભાઈ જોશીપુરા

**જનાર્દનભાઈના નાના બહેન હીમાબેન યાજ્ઞિકનું આ પુસ્તક ''આપણા મહાન ઋષિઓ''** આવો જ એક પ્રશસ્ય પ્રયત્ન છે.

તેમાં આપેલ ઋષિઓનું દર્શન નીજ શ્રાવણ માસમાં '**અમરેલી એક્સપ્રેસ**' દૈનિકમાં નિયમિત વાંચન થાય તેવા હેતુથી વિશાળ વાચક વર્ગની માગણી અને લાગણીને ધ્યાનમાં લઇ તા.૧૭/૦૮/૨૦૨૩ થી નિમિત પ્રગટ થશે આવા ઉમદા લેખોનું સંપાદન ૯૫ વર્ષના સ્વસ્થ અને યુવાન મહાન સાહિત્યકાર **શ્રી જનાર્દનભાઈ જયસુખભાઈ જોશીપુરા** એ સંપાદન કરેલું છે 'અમરેલી એકસપ્રેસ' ના વિશાળ વાચક વર્ગને ખૂબ જ ગમશે તેવી શ્રદ્ધા છે. **આપના પ્રતિભાવો મોબાઈલ નંબર ૮૭૫૮૭ ૯૫૧૦૦ ઉપર આપવા સંપાદક દાદાને હૂંફ આપવા વિનંતિ...**

### વિજયભાઈ ગુંદરણીયાની નિમણુંક

## જરખીયા હાઈસ્કૂલમાં નવા આચાર્યની નિમણુંક થઇ

### સમગ્ર સ્ટાફ પરિવારમાં ઉત્સાહ

અમરેલી, તા. ૧૨

શ્રી સરસ્વતિ વિદ્યાલય– જરખીયામાં વિજયભાઈ ગુંદણીયાની આચાર્ય પદે નિમણુંક થતાં સમગ્ર શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો. તાજેતરમાં રાજય સરકાર દ્વારા રાજય અને જીલ્લા કક્ષાની આચાર્ય ભરતી પસંદગી દ્વારા અમરેલી જિલ્લામાં તા.૬/૮/૨૦૨૩નાં રોજ ભરતી કેમ્પમાં દયાશંકર બાપા સેવા ટ્રસ્ટ–સુરત સંચાલિત શ્રી સરસ્વતિ વિદ્યાલય–જરખીયામાં આચાર્ય તરીકે પસંદગી થતાં શાળામાં આજરોજ હાજર થયા.



વિજયભાઈ ગુંદણીયાની શૈક્ષણિક ક્ષેત્રે સમગ્ર અમરેલી જિલ્લામાં ઉત્તમ છાપ ઉભી કરી છે. તેનો લાભ હવે પછી જરખીયા હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓને મળે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે જવાબદારી શાળાનાં મેનેજિંગ ટ્રસ્ટી મનુભાઈ કાકડીયા, પ્રમુખ વલ્લભભાઈ કાકડીયા, મંત્રી દેવચંદભાઈ કાકડીયા, પૂર્વ આચાર્ય ભરતભાઈ પટેલ તથા અન્ય ટ્રસ્ટીઓએ તેમજ જરખીયાનાં નિવાસી હાલ અમદાવાદનાં અગ્રણી ઉદ્યોગપતિ પ્રાગજીભાઈ કાકડીયાએ શુભકામનાઓ પાઠવી સત્કાર સમારંભ કરેલ. સત્કાર સમારંભ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા બાળ સભાનું આયોજન કરેલ. ત્યારબાદ શાળાનાં સમગ્ર સ્ટાફ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરી ઉદ્‌બોધન કરેલ અને રાષ્ટ્રગાન ગાઈને કાર્યક્રમ પૂર્ણ કરેલ. જે શાળાનાં ઈ.આચાર્ય નીલેશભાઈ કોઠડીયાની યાદીમાં જણાવેલ છે.

# બગસરામાં ગોકુલપરા ગોપી મંડળ દ્વારા અધિક માસમાં રુક્ષ્મણી વિવાહનું આયોજન



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા પવિત્ર શ્રાવણ અધિકમાસ ચાલી રહ્યો છે. ત્યારે પરસોતમ માસમાં બહેનો ગોપી બનીને શ્રી ઠાકોરજીને કાલાવાલા કરી રિઝવવા સંપૂર્ણ ગોપી ભાવથી ભજન કરી રહી છે. ત્યારે બગસરામાં આવેલ ગોકુળપરાની બહેનોએ ગોકુળપરા ગોપી મંડળ બનાવી પવિત્ર અધિક શ્રાવણ માસમાં શ્રી ઠાકોરજીની જાન મયુરભાઈ બાબુભાઈ સતાણીનાં ઘરેથી પ્રસ્થાન કરી હતી. જેમાં ડીજેનાં નાદ સાથે જાનહિત કીર્તન અને રાસ લઈને ગોકુળપરાની હરેક શેરીએથી નીકળી હતી અને હૈયે હેલી ચઢાવી ઉત્સાહથી મનુભાઈ મુગલપરાની ઘરે પધરાવવા આવેલ રૂક્ષ્મણીજી સાથે કાનાને પરણાવા પહોંચી હતી. આ કાર્યક્રમ ગોકુળપરા ગોપી મંડળનાં સુનિતાબેન બાજરીયા, રસીલાબેન નડિયાધરા અલ્પાબેન લુણાગરીયા, સુમિતાબેન સાંગાણી સહિતનાં બહેનો સાથે મળી ઠાકોરજીને પરણાવ્યા હતા.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફેકચરની અધતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
NCT NETRA CHIKITSA TRUST
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## ભણે ગુજરાત, શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમ બાદ પણ ગંભીર પરિસ્થિતિ

# લ્યો બોલો : સાવરકુંડલાની એક શાળાનાં એક ઓરડામાં સંચાલકનાં બેડરૂમ અને રસોડું

**શહેરની ત્રણ શાળાઓમાં એટલી અનિયમિતતા છે કે એક દિવસ પણ તે ચાલી શકે તેમ નથી**

**રાજકીય દબાણનાં કારણે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પણ લાજ કાઢીને બેઠા હોય તેવું લાગી રહ્યું છે**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શિક્ષણને પ્રોત્સાહન આપવા દિવસ–રાત જહેમત ઉઠાવે પણ નીચે વાસ્તવિકતા અતિ કરૂણાજનક**

**ધારાસભ્ય મહેશ કસવાલાએ ત્રણેય શાળાઓની આકસ્મિક મુલાકાત લેવી જરૂરી**

સાવરકુંડલા, તા. ૧૨

સાવકુંડલા શહેરમાં અમુક પ્રાથમિક શાળાઓનાં આરટીઈનાં બાળકો ભગવાન ભરોસે છે. છેલ્લા જૂન મહિનાથી આ બાળકોનાં ગરીબ મા–બાપ તાલુકા અને જિલ્લા શિક્ષણ કચેરીનાં ધકકા ખાઈ ખાને થાકી ગયા છે. આ લોકો પોતાનું ગુજરાન રોજેરોજનું કમાઈને ગુજારતા હોય છે એક દિવસ કામમાં રજા પડે એટલે ૫૦૦ની દાડી જાય. આવી કેટલી દાડી ગુમાવીને ધકકા ખાધા, રજૂઆત કરી પણ પરિણામ શૂન્ય. જે બાળકો પાછળ કેન્દ્ર સરકાર આરટીઈ અંતર્ગત કરોડો રૂપિયા ગ્રાન્ટ વાપરે છે પણ પરિણામ પાણીમાં જિલ્લા અધિકારીના પદ ઉપર બેઠેલા જેનામાં નિર્ણય લેવાની હિંમત નથી તેના કારણે આ બાળકો હેરાન થઈ રહ્યા છે. આજથી ૨૦ દિવસ પહેલા સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ સ્થળ તપાસ કરી બીઆરસી, સીઆરસીને હાજર રાખી અને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે કે નીચે જણાવેલ સાવરકુંડલા શહેરની ત્રણ પ્રાથમિક શાળા એકપણ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ નીચે લાયકાત ધરાવતી નથી તેને તાત્કાલિક અસરથી માન્યતા રદ કરવામાં આવે. એક રાજ એકેડમી પ્રાથમિક શાળા મણીનગર સાવરકુંડલા આ શાળાની માન્યતા જે સ્થળે અપાયેલી છે તે

**અનુસંધાન પાના ૬ ઉપર**

### પૂર્વ પ્રમુખ ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં નામે નિવેદન ન આપે

## અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં સર્વમાન્ય પ્રમુખ ભગીરથ ત્રિવેદી છે

**ચેમ્બરનાં અગ્રણી મુકેશભાઈ રૂપારેલીયા અને પરેશ પટ્ટણીનું નિવેદન**

અમરેલી, તા. ૧૨

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં ઉપપ્રમુખ મુકેશ રૂપારેલીયા અને ધારી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ પરેશ પટ્ટણીએ એક નિવેદનમાં જણાવેલ છે કે, અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં નવા પ્રમુખ તારીખ ૪/૭/૨૦૨૩નાં રોજ અમરેલી મુકામે સુર્યા ગાર્ડન ચિતલ રોડ ખાતે અમરેલી જિલ્લાનાં તમામ ચેમ્બરનાં પ્રમુખોની મિટીંગ મળી હતી.



જેમાં સર્વાનુમત્તે ૧૩ ચેમ્બર અને અમરેલી શહેર વેપારી



મહામંડળ ટાવર ચોક વેપારી મહામંડળ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વડિયા ચેમ્બરનાં પ્રમુખ મિતુલભાઈ ગણાત્રાની સ્પષ્ટ વાત

## અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ હવે ભગીરથભાઈ ત્રિવેદી છે

**બીજા કોઈ ખોટો જશ લેવાનાં પ્રયાસો ના કરે**

વડિયા, તા. ૧૨

છેલ્લા ઘણા વર્ષોથી અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી હતા જેમણે અમરેલી જિલ્લાનાં વેપારીઓ માટે કોઈપણ સારા કામો કર્યા નથી. મેં અવારનવાર જિલ્લાની મીટીંગ બોલાવવાનું કહેલું કે આપણે

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ઉપપ્રમુખ મુકુંદભાઈ ગઢીયા અને ગીરીશભાઈ ભટ્ટનું નિવેદન

## અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં પ્રમુખ તરીકે ચતુરભાઈ અકબરીએ રાજીનામું આપેલ નથી

**જિલ્લાનાં વેપારીઓને નોંધ લેવા અનુરોધ કર્યો**

અમરેલી, તા. ૧૨

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તરીકે ચતુરભાઈ અકબરીએ રાજીનામું આપેલ નથી અને વેપારીઓનાં પ્રશ્નોનું નિરાકરણ કરી રહ્યાં હોવાનું ચેમ્બરનાં ઉપપ્રમુખ મુકુંદભાઈ ગઢીયા અને મંત્રી ગીરીશભાઈ ભટ્ટે જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સની મીટીગ તા. ૬/૭/૨૩નાં બોલાવવાની નકકી કરેલ. જે પહેલા તા. ૪/૭/૨૩નાં ગેરકાયદેસર મીટીંગ બોલાવી તાલુકા ચેમ્બરનાં પ્રમને અંધારામાં રાખી નવી

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ૨૦ ગુણી આવકથી શુભ શરૂઆત

## અમરેલીનાં માર્કેટયાર્ડમાં ચાલુ મૌસમમાં નવી શીંગની આવક શરૂ

**પ્રતિ મણનો ભાવ રૂપિયા ૮૦૦ આવ્યો**

અમરેલી, તા. ૧૨

અમરેલી સાવરકુંડલા રોડ પર બનેલ સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી, નવા માર્કેટયાર્ડમાં તા.૧૨/૮/૨૦૨૩ને શનિવારનાં રોજ સિઝનની નવી શિંગની આવક શરૂ થઈ હતી. જેમાં ખેડૂત કેતનભાઈ રે.દેવળા, કમિશન એજન્ટ દુધાત ટ્રેડર્સની દલાલીમાં શિંગ વેંચાણ અર્થે લાવેલ હતા. અંદાજીત ૨૦ ગુણી જેટલી

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વર્ષો જુના પ્રશ્નોનું નિરાકરણ કરવાની ખાત્રીનું સુરસુરિયુ થતાં

## અમરેલી જિલ્લામાં શિક્ષકો દ્વારા ‘‘મૌન ધરણા’’ યોજાયા

**શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય સરકારી કામગીરીમાંથી મુકત કરવા સહિતની માંગ અપૂર્ણ**







અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં શિક્ષકોએ આજે રાજય અને જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિનાં માર્ગદર્શન તળે વર્ષો જુની માંગ સાથે ગાંધી ચિંધ્યા માર્ગે મૌન ધરણાનો કાર્યક્રમ યોજીને વ્યાજબી માંગ સંતોષવા સરકારનું ધ્યાન દોર્યુ હતું.

શિક્ષકોએ શિક્ષણ સિવાયનાં અન્ય સરકાર કામોમાંથી મુકિત આપવા, ગ્રાન્ટેડ શાળા બચાવવા સહિતની માંગ કરી હતી. જિલ્લાનાં બાબરા, રાજુલા સહિતનાં તાલુકા મથકોએ મૌન ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)